Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્વ. માનસંગજી બારડ સ્મારક ટ્રસ્ટ – સંચાલિત

વર્ષ ૨૯ મું
અંક ૭ મો
સં. ૨૦૪૬
સન ૧૯૯૦
એપ્રિલ

# પથિક

તંત્રી-મંડળ :
પ્રો. કે. કા. શાસ્ત્રી
ડૉ. ના. કે. ભટ્ટી
ડૉ. સૌ. ભારતીબહેન શેલત

[ઇતિહાસ પુરાતત્ત્વનું એક માત્ર ગુજરાતી માસિક]

આદ્ય તંત્રી : સ્વ. માનસંગજી બારડ

## ઈર્ષા

સમાજમાં અનેક અનિષ્ટો જોવા મળે છે; દા. ત. નિંદા દ્વેષ અદેખાઈ ઈર્ષા ઇત્યાદિ. આવાં અનિષ્ટો વ્યક્તિ પરિવાર કે સમાજને ખૂબ નુકસાન પહોંચાડનારાં સાબિત થાય છે. ઈર્ષા એ સમાજનું સૌથી મોટું અનિષ્ટ છે. ઈર્ષા એટલે અદેખાઈ, બીજાની સારી સ્થિતિ દેખી ન ખમવાથી થતી દ્વેષની લાગણી.

કેટલાક લોકો પોતાનાથી વધારે શક્તિશાળી અને બુદ્ધિમાન વ્યક્તિઓની સતત ઈર્ષા કરે છે, એમના વિશે જાતજાતની વિચિત્ર વાતો ઉપજાવી કાઢી એમની પ્રતિભા ઝાંખી પાડવા સતત પ્રયાસો કરતા રહે છે. વળી આવા ઈર્ષાળુ લોકો હંમેશાં પોતાના પ્રતિસ્પર્ધીઓના દોષો શોધતા જ હોય છે અને એ રીતે એઓ આત્મસંતોષ મેળવે છે. ખરી રીતે તો ઈર્ષા કરનાર અને ઈર્ષા સાંભળનાર એ બંને દોષિત છે. ઈર્ષાળુ ખોટું બોલે છે, સાંભળનાર વ્યક્તિ પણ જૂઠાણું સાંભળે છે તેથી એ અસત્યને સ્વીકારે છે અને એ રીતે જાણ્યે અજાણ્યે પણ પાપનો હિસ્સેદાર બને છે.

ઈર્ષા એ મોટું દૂષણ છે. ઈર્ષાળુ ઈર્ષા દ્વારા પોતાનાં વિચારો–માન્યતાઓને વહેતી કરે છે. આવા માણસો સામાના રાઈ જેવડા દોષોને બીલા જેવડા બનાવીને એની ઈર્ષા કરવામાં આનંદ અનુભવે છે. ઈર્ષાળુ માણસ સામા માણસના કુટુંબમાં આગ ચાંપે છે, કુટુંબને છિન્નભિન્ન કરી નાખે છે, કુટુંબના આનંદ-ઉલ્લાસને હણે છે, તેથી આવા ઈર્ષાળુ માણસોથી હંમેશાં જાગ્રત રહેવું જોઈએ. એઓ વારંવાર ઊલટ-સૂલટ વાતો ઉપજાવી કાઢે છે, સત્યને અસત્યમાં ફેરવી નાખે છે, તેથી ઈર્ષાળુ વ્યક્તિ પર કદાપિ વિશ્વાસ મૂકવો જોઈએ નહિ, આવી વ્યક્તિઓથી હંમેશાં સાવધાન રીતે પોતાનું કાર્ય કરવું જોઈએ.

એક બાબત સ્પષ્ટ છે કે સજ્જનો હંમેશાં નિષ્ઠાથી કામ કરતા હોય છે. જ્યારે ઈર્ષાળુ લોકો પોતાનો અહં સંતોષવા માટે કાવાદાવા કર્યા કરે છે. જુવાનોએ હંમેશાં આવા દુર્જનોની વિચિત્ર વાતોથી ભરમાવું જોઈએ નહિ. મીઠું બોલનાર અને ખુશામત કરનાર વ્યક્તિઓથી પણ સાવચેત રહેવું જોઈએ. ગમે તેવી પરિરિસ્થિતિ ઉદ્ભવે એમ છતાં ઉશ્કેરાઈ જવું ન જોઈએ. ઈર્ષા સમાજનું મોટું પ્રદૂષણ છે. આ પ્રદૂષણને દૂર કરવાનું કઠિન હોવા છતાં અશક્ય તો નથી જ. કેટલાક માણસો સમાજમાં ખોટી અફવાઓ પણ ફેલાવે છે, કેટલીક વાર નિંદા કર્યા કરે છે તેથી એઓ વ્યક્તિ સમાજ અને રાષ્ટ્રનો વિનાશ નોતરતા હોય છે.

આપણે એ પણ ભૂલવું ન જોઈએ કે ઈર્ષા અનેક રીતે અહિતકારી હોવા છતાં જો એના દ્વારા હરીફાઈ થાય તો વ્યક્તિ વિકાસ સાધી શકે છે. ઈર્ષા ચિત્તની એવી વૃત્તિ છે કે જે દુર્ગુણાત્મક હોવા છતાં કોઈ વાર સદ્ગુણાત્મક પણ બને છે.

વલ્લભવિદ્યાનગર-૩૮૮ ૧૨૦

—(ડૉ.) મગનભાઈ આર. પટેલ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[અનુસંધાન પૂંઠી ૨ છપરનું ચાલુ]

લિપિમેં વેવાર હલાઇ સકાજેતો. હેડી ખરુકી ભાસાજે વિકાસમેં પિંઢ જ આડા અચેંતા ઇ લગંધો વો. મુંબઇથી અચિંધલ શ્રી પ્રવીણચંદ્ર રુપારેલ ચ્યોં ક સિંધીજી પણ પિંઢજી લિપિ કડાં વઇ ? અરેબિક હાણે અપનાયેં અયેં. મરાઠીજી પિંઢજી લિપિ કડાં આય ? ઇની પણ ડેવનાગરી લિપિ અપનાયેં અયેં, તડેં કચ્છી કે લિપિ ન વે તેંસે કીં કચ્છી ભાસા મિટી નતી વને.

સિંધી ભાસાતેં પણ સિંધી ગ્રામજીવનતેં ડૉ. એમ. કે. જેટલી, સિંધી વાર્તાતેં ડૉ. નારાયણભારથી, સિંધી લોકજીવન નેં સંગીતતેં ડૉ. ગોવર્ધનભારથી, સિંધી-કચ્છી ભાસા : એક તુલનાતેં ડૉ. સતીશ રાયડાજા નિબંધ રજૂ થ્યા વા.

લેખકકેં હિન સેમિનારમેં ભાગ ગિનંધે ઇ લગો ક સિંધી ને કચ્છી ભાસા બોય ભેણું અંઇ. બોય ઇ જો સમજીને ભેરિયેં ભેરી હલે ત વડો કમ થિઇ સગે. કચ્છીમેં હાણે ગધ તીં પધ બિઇ કોરા ખાસા કમ થઇ રેયા અંઇ સે પણ ડિસેમેં આયો.

છેલ્લે ડીં કંડલા-ડરસનજો લાભ ડિનેમેં આયો વો.

ભુજ-૩૭૦૦૦૧ — ધનજીભાઈ ભાનુશાલી, 'કડક બંગાલી'

---

# કચ્છ : ઈતિહાસ અને સંસ્કૃતિ

## વધુ શુદ્ધિઓ

| પૃષ્ઠ | લીટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૦૨ | ૧૩ | સુવેનિર-૧૯૭૪-૭૮ | સુવેનિયેર-૧૯૭૭-૭૮ |
| ,, | ૧૪ | અંક, સં. ૧૯૯૦ | અંક, સં. ૧૯૮૦ |
| ,, | ૧૫ | એહમદી, ૧૩૬૨ | એહમદી, ૧૭૬૨ |
| ૧૦૪ | ૧ | કોરાયનું સૂર્યમંદિર | કેરાનું શિવમંદિર |
| ,, | ૨ | કેરાનું શિવમંદિર | કોરાયનું સૂર્યમંદિર |

## જાહેર સૂચના

### કચ્છ : ઇતિહાસ અને સંસ્કૃતિ ગ્રંથરૂપે

પ્રગટ થયો છે. જેનું પ્રાપ્તિ સ્થાન :

**શ્રીમતી મધુબહેન કંસારા**

એ-૧૩-૭, રામેશ્વરમ્ એપાર્ટમેન્ટ્સ,

પ્રેમચંદનગર રોડ જોધપુર ટેકરા,

રાજપથ કલબ સામે, અમદાવાદ-૩૮૦૦૧૫

મૂલ્ય રૂ-૧૦/- ટપાલ ખર્ચના રૂ-૨/- મળી રૂ-૧૨/- મોકલવાથી નકલ બુકપોસ્ટથી મોકલવામાં આવશે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સિંધી–કચ્છી સેમિનાર

કચ્છી ભાસા જે વિકાસ લાય થોડે વરેંથી બોંરા ધીમા પણ રુક જેડા નક્કર કમ થિઇ રેયા અંઇ તેં મથે હિકડો છોગો હેવર આડિપુરમેં વધારેજો ઉગો !

તા ૩–૩–૯૦ સેં ૫–૩–૯૦ તંઇ આડિપુરમેં ભારત સરકારજે માનવ-સંશોધન મંત્રાલયજે ઉપક્રમે સિંધી-કચ્છી ભાસાજે રાષ્ટ્રિય સેમિનારજી ગોઠવણી કરેમેં આવઇ વઇ. આડિપુરજી સિંધોલોજી સોસાયટીને શ્રી કચ્છી સાહિત્ય સભા-ભુજ વા હિન સેમિનારજા યજમાન. જડે સિંધીભાસી શ્રી લખમી ખિલાણી વા ડાયરેક્ટર ને ભા વ્રજ ગજકંધ વા કો-ડાયરેક્ટર.

હીં ત પેલાં બ્ય વરેંમેં નરિયેમેં હેડો હિકડો સેમિનાર કરેમેં આયો વો, પણ હિન ટમે ત ઉડીને ડિસાંધો વોં ક કચ્છી ભાસા જે વિકાસ લાય 'કચ્છી માડુ' કડાંકડાંનું અચી પૂગા વા !

રાષ્ટ્રિય સરકારજે સિંધી સલાહકાર બોર્ડજા ઉપપરમુખ ડૉ. એમ. કે. જેટલી (દિલ્હી) આડિપુર, કોલેજિસ બોર્ડજા શ્રી હરિ દરિયાણી 'દિલગીર', કવિ શ્રી હુંદરાજ 'દુખાયલ', ડૉ હરીશ વાસવાણી (ગ.ધીધામ), ડૉ ગોવર્ધનભારથી (મુંબઇ), પ્રિતમ વાસવાણી, કુ. કૃષ્ણાબેણ ભંભાણી (આડિપુર), ડૉ. સતીશ રાયડા (દિલ્હી), હિંદી મંત્રણાલયજા એજયુ. ઈન્સ્પેકટર શ્રી જગદીશ સોની (દિલ્હી) વગેરે સિંધીભાવર તીં વિધવાન આયા વા. જડે કચ્છી સાહિત્યસભા તરફસેં શ્રી વ્રજ ગજકંધ, શ્રી ધનજી ભાનુશાલી 'કડક બંગાલી', શ્રી માધવ જોશી–'અશ્ક' (ના. સરોવર), શ્રી જયંતી જોશી, 'શબાબ' (ભુજ), માહિતી નિયામક શ્રી ઉમરસીં પરમાર, શ્રી શિવાભીમા કે બારોટ (ભુજ), ડૉ. વિસનજી નાગડા (મુંબઇ), કવિ શ્રી મેઘબિંદુ (મુંબઇ), કચ્છના માવારા શ્રી અને શ્રીમતી પ્રવીણચંદ્ર શાહ (મુંબઇ), શ્રી મણિલાલ ગાલા (મુંબઇ), શ્રી મધુભાઈ પ્રા. ભટ્ટ (ગાંધીનગર), શ્રી ચંદ્રસેન મોમાયા (મુંબઇ), શ્રી નારાયણ જોશી 'કારાયલ' (વિગોડી), શ્રી પ્રાણગિરિ ગોસ્વામી (ભુજ), શ્રીમતી હંસાબેણ એમ વૈષ્ણવ (ભુજ), શ્રી કલ્યાણજી સાવલા (મુંબઇ) ઈ. કચ્છી ભાસાજા ધીંગા ભાવર હુંભસેં ભેરા થ્યા વા.

ડિયેંજે હિન સેમિનારમેં તોલાણી ફાઉન્ડેશન, ઈફ્કો તીં બિઇયું સંસ્થાઉં, બેન્કું ને સાહિત્યસંસ્થાએંજો બોંરો ટેકો ને સાથ મિલ્યો વો.

જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર–ભુજ તરફસેં કચ્છજી હસ્તકલાજે કાવકે નમૂનેજો હટ પણ રખેમેં આયો વોં.

માહિતી ખાતે તીં આકાશવાણી, ભુજ તરફસેં પણ સેવા ડિનેમેં આવઇ વઇ.

સિંધી સંતશ્રી લીલાશા ધરમસારામેં મિણીજે ઉતારેપાથીજી બોરી ખાસી વેવસ્થા ગોઠવાણી વઇ જડેં તોલાણી ફાઉન્ડેશનની પૉલિટેક્નેક કૉલેજજે એ. વી થિયેટરજી સગવડ વ્યવસ્થામેં આસાની કરે ડિને વે.

હિની ડિયેં કચ્છી ભાસામેં 'કચ્છજે લોકજીવન'તેં શ્રી ઉમરસીં પરમારજો પેપર, કચ્છી વાર્તાતેં શ્રી વ્રજ ગજકંધજો પેપર, કચ્છી ગીત-સંગીતતેં શ્રી શિવાજી બારોટજો ભરુકો પેપર, કચ્છ-હસ્તકલા ને હુન્નર ઉદ્યોગતેં શ્રી મણિલાલ ગાલાજો પેપર રજૂ થ્યા તડેં લગો ક કચ્છીકે લિપિ નાંય ત કુરો થયે ? હી મિડે હાણે બ્ય વખતજિયું ગાલિયું અંઇ. કચ્છીજી પિંઢજી લિપિ ભલે ન વે, પણ ગુજરાતી ક દેવનાગરી

[ અનુસંધાન પુંઠી ૩ ઉપર ચાલુ ]

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# પથિક

આદ્ય તંત્રી : સ્વ. માનસંગજી બારડ

તંત્રી-મંડળ( ) વાર્ષિક લવાજમ : દેશમાં રૂ.૩૦/-

પ્રો.કે. કા. શાસ્ત્રી ( ) વિદેશમાં રૂ. ૧૧૧/-,છૂટક રૂ. ૩/-

ર. ડૉ. નાગજીભાઈ ભટ્ટી, ૩. ડૉ. ભારતીબહેન શેલત

વર્ષ ૨૯ મું] ચૈત્ર, સં. ૨૦૪૬ : એપ્રિલ, સન ૧૯૯૦ [અંક ૭ મો


'પથિક' પ્રત્યેક અંગ્રેજી મહિનાની ૧૫ મી તારીખે પ્રસિદ્ધ થાય છે. પછીના ૧૫ દિવસમાં અંક ન મળે તો સ્થાનિક પોસ્ટ ઑફિસમાં લિખિત ફરિયાદ કરવી અને એની નકલ અત્રે મોકલવી.

- 'પથિક' સર્વોપયોગી વિચારભાવના અને જ્ઞાનનું માસિક છે. જીવનને ઊર્ધ્વગામી બનાવતાં અભ્યાસપૂર્ણ અને શિષ્ટ સાહિત્યિક લખાણોને સ્વીકારવામાં આવે છે.
- પ્રસિદ્ધ થઈ ગયેલી કૃતિને ફરી પ્રસિદ્ધ કરવા માટે ન મોકલવાની લેખકોએ કાળજી રાખવી.
- કૃતિ સારા અક્ષરે શાહીથી અને કાગળની એક જ બાજુએ લખેલી હોવી જોઈએ. કૃતિમાં કોઈ અન્ય ભાષાનાં અવતરણ મૂક્યાં હોય તો એના ગુજરાતી તરજૂમો આપવો જરૂરી છે.
- **કૃતિમાંના વિચારોની જવાબદારી લેખકની રહેશે.**
- 'પથિક'માં પ્રસિદ્ધ થતી કૃતિઓના વિચારો-અભિપ્રાયો સાથે તંત્રી સહમત છે એમ ન સમજવું.
- અસ્વીકૃત કૃતિ પાછી મેળવવા જરૂરી ટિકિટો આવી હશે તો તરત પરત કરાશે.
- નમૂનાના અંકની નકલ માટે રૂ-૫૦ ની ટિકિટો મોકલવી.

**મ.ઓ. ડ્રાફ્ટ પત્રો લેખો પથિક કાર્યાલય, મધુવન, એલિસબ્રિજ અમદાવાદ-૩૮૦૦૦૬**

## અનુક્રમ


| | | |
|---|---|---|
| ઉપનિષત્કાલીન શિષ્ય(પૂર્ણ) | ડૉ. કાંતિલાલ રા. દવે | ૯ |
| સામાજિક સુધારો અને કરસનદાસ મૂળજી | શ્રી વિકેશ સુશીલચંદ્ર પંડ્યા | ૧૧ |
| પૌરાણિક વંશાવલીઓ | કે. કા. શાસ્ત્રી | ૧૫ |
| કચ્છ : ઇતિહાસ સંસ્કૃતિ(પૂર્ણ) | શ્રી. ઠાકરસી પુ. કંસારા | ૧-૮ |


## વિનંતિ

વાર્ષિક ગ્રાહકોએ પોતાનું કે પોતાની સંસ્થા કૉલેજ યા શાળાનું લવાજમ રૂ. ૩૦/- હજી ન મોકલ્યું હોય તો સત્વર મ.ઓ.થી મોકલી આપવા હાર્દિક વિનંતિ. **સરનામામાં ગોળ વર્તુલમાં પહેલો અંક કયા માસથી ગ્રાહક થયાનું કહે છે. એ માસ પહેલાં લવાજમ મળવું અભીષ્ટ છે.** અગાઉનાં લવાજમ એક કે એકથી વધુ વર્ષોનાં બાકી છે તેઓ પણ સવેળા મોકલી આપવા કૃપા કરે. અંક હાથમાં આવે એ ગાળામાં લવાજમ મોકલી આપનારે આવા વર્તુલને ધ્યાનમાં ન લેવા વિનંતિ.

'પથિક'ના આશ્રયદાતા રૂ. ૧૦૦૧/-થી અને આજીવન સહાયક રૂ. ૩૦૧/-થી થવાય છે. ભેટ તરીકે પણ રકમો સ્વીકારવામાં આવે છે. સ્વ. શ્રી. માનસંગજીભાઈના અને 'પથિક'ના ચાહકોને 'પથિક કાર્યાલય'ના નામના મ.ઓ. કે ડ્રાફ્ટથી મોકલી આપવા વિનંતિ. આ છેલ્લી બે પ્રકારની તેમ રૂ. ૫૦ થી લઈ આવતી વધુ ભેટની રકમ અનામત જ રહે છે અને એનું માત્ર વ્યાજ જ વપરાય છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## (અનુ. પા. ૨૪ થી) મહાભારતયુદ્ધ પૂર્વે અને પછીના સમકાલીન (પૃ. ૧૪૪-૪૯)

| | પૌરવો | વિદેહો | અન્યો | વિભિન્ન આચાર્યો |
|---|---|---|---|---|
| ૯૨ | વિચિત્રવીર્ય | ધૃતિ | | કૃષ્ણદ્વૈપાયન વ્યાસ |
| ૯૩ | ધૃતરાષ્ટ્ર | બહુલાશ્વ | | શુક |
| ૯૪ | યુધિષ્ઠિર | કૃતક્ષણ | | ભૂરિશ્રવા વગેરે |
| ૯૫ | અભિમન્યુ | | | ઉપવેશ |
| ૯૬ | પરીક્ષિત-૨ | | અશ્વપતિ કૈકય | આયોદ, પતંચલ, અરુણ, પ્રાચીનશાલ |
| ૯૭ | જનમેજય-૩ | | | ઉદ્દાલક, વેદ, 'ઉપમન્યુ', સ્ત્રૌદાયન પ્રાચીનયોગ |
| ૯૮ | શતાનીક | જનક-ઉગ્રસેન | | કહોડ, વંદી, યાજ્ઞવલ્કય-વાજસનેય |
| ૯૯ | અશ્વમેધદત્ત | | પ્રવાહણ-પંચાલનો | શ્વેતકેતુ, અષ્ટાવક્ર |
| ૧૦૦ | અધિસીમકૃષ્ણ | | | યાજ્ઞવલ્ક્ય(બ્રહ્મ-વાહનો પુત્ર) |
| ક | | | | આસુરિ, મધુક |
| ખ | | જનક-જનદેવ | | પંચશિખ |
| ગ | | જનક-ધર્મધ્વજ | | ચૂડ-ભાગવિત્તિ |
| ઘ | | | | અસુરાયણ, યારક |
| ચ | | જનકિ-આયસ્થૂણ | | |
| છ | | | | સત્યકામ-જાબાલ |

**આપનું લવાજન ન મોકલ્યું હોય તો તાકીદે મોકલશો.**



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

: ૨ :

## મહાભારતયુદ્ધ પૂર્વે અને પછીના સમકાલીન

| ઋગ્વેદના | યજુર્વેદના | સામવેદના | અથર્વવેદના | |
|---|---|---|---|---|
| | | | | ૯૨ |
| | | | | ૯૩ |
| પૈલ | વૈશંપાયન | જૈમિનિ | સુમંતુ | ૯૪ |
| ઇંદ્રપ્રમતિ, વાષ્કલ | | સુમંતુ–જૈમિનિ | કબંધ | ૯૫ |
| બોધ્ય, 'યાજ્ઞવલ્કય' | યાજ્ઞવલ્કય, | સુત્વા–જૈમિનિ | પથ્ય, દેવદર્શ | ૯૬ |
| પરાશર, માંડૂકેય | બ્રહ્મરાતિ | | | |
| સત્યશ્રવા | તિત્તિર | સુકર્મા–જૈમિનિ | પિપ્પલાદવ વગેરે | ૯૭ |
| સત્યહિત | | પૌષ્પિંડય | જાજલિ, શૌનક | ૯૮ |
| સત્યશ્રી | માધ્યંદિન, કાણ્વ વગેરે | લોગાક્ષિ,કુથુમિ, કુશીતી, લાંગલિ | સૈંધવાયન, બભ્રુ | ૯૯ |
| શાકલ્ય, વાષ્કલિ, શાકપૂર્ણ | 'યાજ્ઞવલ્કય' | રાણાયનીય, તંડિ–પુત્ર, પરાશર, ભાગવિત્તિ વગેરે | | ૧૦૦ |
| પન્નગારિ, શૈશિ–રેય, વત્સ, શતબલાક | શ્યામાયનિ આસુરિ, આલંબિ | | મુંજકેશ | ક |
| | | | | ખ |
| | | | | ગ |
| | | આસુરાયણ 'પતંજલિ' | | ઘ |
| | | | | ચ |
| (પૃ. ૩૩૧) | | | | છ |

હવેથી ઓકટોબર જાન્યુઆરી એપ્રિલ અને જુલાઇથી, આમાંના કોઈ એક માસથી ગ્રાહક થવાય છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

: ૩ :

## ઋષિઓની વર્ષાનુપૂર્વી (પૃ ૧૯૧-૨)

| | ભાર્ગવો | આંગિરસો | વસિષ્ઠો | બીજાં કુલ |
|---|---|---|---|---|
| ૧ | | | 'વસિષ્ઠ' | |
| ૨ | ચ્યવન | | 'વસિષ્ઠ' | |
| ૩ | | | 'વસિષ્ઠ | |
| ૪ | | | | |
| ૫ | ઉશના-શુક્ર | (બૃહસ્પતિ) | | |
| ૬ | શંઠ, મર્ક, આપ્નવાન | | | |
| ૭ | | | | |
| ૧૭ | | | | |
| ૧૮ | | | | પ્રભાકર-આત્રેય |
| ૧૯ | | | | |
| ૩૦ | ઊર્વ | | વરુણ | |
| ૩૧ | ઋચિક ઔર્વ | | આપવ-વારુણિ | દત્તાત્રેય, દુર્વાસા-આત્રેય (?) |
| ૩૨ | જમદગ્નિ, અજીગર્ત | | | વિશ્વરથ (વિશ્વામિત્ર) મધુચ્છંદ, |
| ૩૩ | | | | ઋષભ, રેણુ, અષ્ટક, કતિ (કે કત ?), ગાલવ વિશ્વામિત્ર |
| ૩૪ | રામ, શુનઃશેપ | | | શુનઃસેપ-દેવરાત-વિશ્વામિત્ર |
| ૬૫ | | | | |
| ૩૬ | | | | |
| ૩૭ | | | | |
| ૩૮ | | | | |
| ૩૯ | | | | (કશ્યપ) |
| ૪૦ | અગ્નિ ઔર્વ, વીતહવ્ય | ઉચથ્ય, બૃહસ્પતિ, સંવર્ત | અથર્વનિધિ-૧ આપવ | |
| ૪૧ | | દીર્ઘતમા, ભરદ્વાજ, શરદ્વાન-૧ | | |
| ૪૨ | | | | વિશ્વામિત્ર (શકુંતલાનો પિતા), કણ્વ-કાશ્યપ, અગસ્ત્ય- (અને લોપામુદ્રા) |
| ૪૩ | | કક્ષિવાન-૧ | | |



For Private and Personal Use Only

| | | | | |
|---|---|---|---|---|
| ૪૪ | | શંયુ | | |
| ૪૫ | | અથર્વા ઉશિજ | | |
| ૪૬ | | વિદથી-ભરદ્વાજ (ભરતના દત્તક) | | |
| ૪૭ | | | | |
| ૪૮ | | | | |
| ૪૯ | | ગર્ગ, નર | | |
| ૫૦ | | ઉરુક્ષય, સંકૃતિ | | |
| ૫૧ | | ઋજિશ્વા (?) | | |
| ૫૨ | | કપિ | | |
| ૫૩ | | | | |
| ૫૪ | | 'ભરદ્વાજ' (અજમીઢ સાથે) | શ્રેષ્ઠભાજ | |
| ૫૫ | | કણ્વ | | |
| ૫૬ | | મેધાતિથિ-કાણ્વ | | |
| ૫૭ | | | | |
| ૫૮ | | | | |
| ૫૯ | | | | |
| ૬૦ | | | અથર્વનિધિ-૨ | શાંડિલ્ય-કાશ્યપ |
| ૬૧ | | મૌદ્ગલ્ય | | |
| ૬૨ | (વધ્ર્યશ્વ) | | | |
| ૬૩ | (દિવોદાસ) | પાયુ, શરદ્વાન-૨, સોભરિ-કાણ્વ | | વિભાણ્ડક-કાશ્યપ, અર્ચનાના-આત્રેય |
| ૬૪ | (મિત્રાયુ) પરુચ્છેપ-દૈવોદાસિ | | 'વસિષ્ઠ' (દશરથ સાથે) | ઋષ્યશૃંગ-કાશ્યપ, રૈભ-કાશ્યપ, શ્યાવાશ્વ-આત્રેય |
| ૬૫ | મૈત્રેય, પ્રતર્દન-દિવોદાસ પ્રચેતા | કક્ષિવાન-૨ પજ્રિય | | અંધિગુ-આત્રેય |
| ૬૬ | અનાનત-પરુચ્છેપિ, વાલ્મીકિ | | | |
| ૬૭ | સુમિત્ર વાધ્ર્યશ્વ | | 'વસિષ્ઠ' (સુદાસ સાથે) | |
| ૬૮ | | | શક્તિ, શતયાતુ | 'વિશ્વામિત્ર' (સુદાસ સાથે), નિધ્રુવ-કાશ્યપ |
| ૬૯ | | વામદેવ | પરાશર-શાક્ત્ય, સુવર્ચા | |



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

| | | | | |
|---|---|---|---|---|
| ૭૦ | | બૃહદુક્થ | | |
| ૭૧ | દેવાનિ-શૌનક | | | |
| ૭૨ | | | | |
| ૭૩ | ઇંદ્રોત-શૌનક | | | નૈભાંડકિ-કાશ્યપ |
| ૭૪ | | | | |
| ૭૫ | | | | |
| ૮૫ | | | | |
| ૮૬ | | | | 'જૈગીષવ્ય' |
| ૮૭ | | | | શંખ, લિખિત, કંડરીક, બાભ્રવ્ય-પાંચાલ |
| ૮૮ | | | | |
| ૮૯ | | | (સગર) | |
| ૯૦ | | | - પરાશર-સાગર | |
| ૯૧ | | 'ભરદ્વાજ' | 'જાતૂકર્ણ્ય' | અસિત-કાશ્યપ, વિશ્વક્સેત (જાતૂકર્ણ્ય-૧) |
| ૯૨ | | | કૃષ્ણ દ્વૈપાયન વ્યાસ | અગ્નિવેશ (?) |
| ૯૩ | | કૃપ, દ્રોણ | શુક | અસિત-દેવલ, ધૌમ્ય, યાજ, બધા કાશ્યપો |
| ૯૪ | વૈશંપાયન | અશ્વત્થામા, પૈલ | ભૂરિશ્રવા વગેરે | લોમશ, 'જૈમિનિ', સુમંતુ |

| પૌરવો | | આંગિરસો | વૈશાલો | પૂ. આનવો (પૃ૧૬૩) | |
|---|---|---|---|---|---|
| | | (અંગિરા) | ૩૮ કરંધમ | | ૧ |
| | | ૩૯ ઉશિજ | ૩૯ અવીક્ષિત | | ૨ |
| | ૪૦ ઉચથ્ય | ૪૦ બૃહસ્પતિ સંવર્ત | ૪૧ મરુત્ત | ૪૧ બલિ | ૩ |
| | ૪૧ દીર્ઘતમા | ૪૧ ભરદ્વાજ | | | ૪ |
| ૪૩ દુષ્યંત | કક્ષિવાન | | | ૪૩ અંગ વગેરે | ૫ |
| ૪૪ ભરત | | | | | ૬ |
| ૪૬ વિદથી-ભરદ્વાજ | | ૪૬. વિદથી-ભરદ્વાજ | | | ૭ |
| ૪૭ વિતથ | | | | | ૮ |



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

| કાશી | ઐક્ષ્વાકુઓ | પૌરવો | આંગિરસો (પૃ. ૧૬૪) | | |
|---|---|---|---|---|---|
| ૪૦ દિવોવાસ-૨ | | | ૪૦ ઉચથ્ય | ૪૦ બૃહસ્પતિ | ૧ |
| ૪૧ પ્રતર્દન | ૪૧ સગર | | ૪૧ દીર્ઘતમા | ૪૬ ભારદ્વાજ | ૨ |
| ૪૨ વત્સ | ૪૨ અસમંજા | | | | ૩ |
| ૪૩ અલર્ક | ૪૩ અંશુમાન | ૪૩ દુષ્યંત | | | ૪ |
| | | ૪૪ ભરત | | | ૫ |
| | | ૪૫ વિદથી | | | ૬ |

## પૌરાણિક મનુ વૈવસ્વતનો વિકાસ (પૃ. ૮૮)

૨ **મનુ વૈવસ્વત** –૧ ઇક્ષ્વાકુ, ૨ નાભાનેદિષ્ઠ, ૨ શર્યાતિ, ૨ નભાગ, અને ઇલા(પુત્રી)

૨ ઇક્ષ્વાકુ – ૩ વિકુક્ષિ શશાદ અને ૩ નિમિ

૩ **વિકુક્ષિશશાદ** – અયોધ્યાનો રાજવંશ — ૩ **નિમિ** – વિદેહનો રાજવંશ

૩ **નાભાનેદિષ્ઠ** – વૈશાલીનો રાજવંશ — ૩ **શર્યાતિ**–આનર્તનો રાજવંશ

૨ **નભાગ** – નભાગનો રાજવંશ — ૨ ઇલા(પુત્રી)–સુદ્યુમ્ન(પુરુષ) થી

૩ પુરૂરવાનો ઐલ રાજવંશ

૩ **પુરૂરવા** – ૪ આયુ અને ૪ અમાવસુ (કાન્યકુબ્જ)

૪ **આયુ** – ૫ નહુષ, – ૬ ક્ષત્રવૃદ્ધ રંભ રજિ અને અનેના

૫ **નહુષ** – ૬ યતિ અને ૬ યયાતિ — ૬ **યતિ** (૦)

૬ **યયાતિ** – ૭ યદુ, ૭ તુર્વસુ, ૭ દ્રુહ્યુ ૭ અનુ અને ૭ પુરુ

૭ **યદુ** – ૮ સહસ્રજિત અને ૮ ક્રોષ્ટુ — ૮ **સહસ્રજિત** – હૈહયવંશ

૮ ક્રોષ્ટુ – યાદવોનો વંશ

૭ **તુર્વસુ** – તુર્વસુનો વંશ — ૭ દ્રુહ્યુ – ગાંધારનો દ્રુવંશ

૭ **અનુ** – આનવ — ૭ **આનવ** – ૨૬ ઉશીનર અને ૨૬ તિતિક્ષુ

૨૬ **ઉશીનર** – પંજાબનો રાજવંશ — ૨૬ **તિતિક્ષુ**– પૂર્વીય રાજવંશ

૬ **ક્ષત્રવૃદ્ધ** – (વૃદ્ધશર્મા) કાશીનો રાજવંશ — ૬ **રંભ** (૦)

૬ **રજિ** – રાજેય ક્ષત્રિયો — ૬ **અનેના** – ક્ષત્રધર્માનો રાજવંશ

૪ **અમાવસુ** – કાન્યકુબ્જનો રાજવંશ

## શાર્યાતોનો રાજવંશ (પૃ. ૯૭-૮)

૩ **શર્યાતિ** –અનુક્રમે વંશજો આનર્ત-રોચમાન-રેવ-રેવત

શર્યાતિને 'સુકન્યા' નામની પુત્રી હતી, જે ચ્યવન ભાર્ગવને પરણી હતી.

આ વંશના પાંચ રાજવી જાણવામાં આવ્યા છે, જેમાંના મોટેના છેલ્લા રૈવતની પુત્રી રેવતી વસુદેવપુત્ર બલરામને પરણાવી હતી. ઉપરનો રેવત પેઢીનામા-વંશાવલી પ્રમાણે ૭ મો આવે, જ્યારે



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વસુદેવ યદુવંશમાં ૯૨ મા છે. આમ વચ્ચે ૮૫ જેટલી પેઢી ખૂટે છે. આનો અર્થ એ થાય કે સૌરાષ્ટ્રના દ્વારવતીના અસલ સ્થાને આવેલી કુશસ્થલીમાં રાજ્ય કરી ગયેલા શાર્યાતોના અંદાજે ૮૫ જેટલા રાજવીઓનાં નામ પુરાણોમાં ક્યાંય સચવાયેલાં નથી. 'રેવત'ને 'રૈવત કકુદ્મી' કહ્યો છે. આ કકુદ્મી છેલ્લો રાજા હોય, જેનો પંચજનો નામના અસુરોએ પરાભવ કરી કુશસ્થલીને ઉચ્છિન્ન કરી નાખેલી. શ્રીકૃષ્ણે મથુરા છોડી, સૌરાષ્ટ્રના વાયવ્ય ખૂણે આવી, કુશસ્થલીના સ્થાને દ્વારવતી (પશ્ચિમ સાગરના ભારતવર્ષમાં આવનારા દ્વારસ્થાનની દ્વારકા) વસાવી આબાદ કરેલી.

**વિદેહવંશનો ફાંટો** (ભાગવત પ્રમાણે) (પૃ. ૯૫)

**૬૩** હ્રસ્વરોમાના ૬૪ સિરધ્વજ અને કુશધ્વજ[1]

૬૪ સિરધ્વજનો મૂળવંશ

કુશધ્વજનો ધર્મધ્વજ, ધર્મધ્વજનો કૃતધ્વજ અને મિતધ્વજ કૃતધ્વજનો કેશિધ્વજ મિતધ્વજનો, ખાંડિક્ય

૧. સાંકાશ્ય(કેશ્યાનો રાજા

**નભાગનો ફાંટો** (પૃ. ૯૮)

મનુનો એક પુત્ર 'નભાગ' કે 'નાભાગ'

**૪ નાભાગના** અનુક્રમે વંશજો અંબરીષ-વિરૂપ-પૃષદશ્વ-રથીતર

અહીંથી રથીતર ક્ષત્રિય-બ્રાહ્મણો

**પુરૂરવા ઐલનો વંશ** (પૃ. ૨૯૪)

**૩ પુરૂરવા** – પ્રતિષ્ઠાનનો ઐલવંશ અને કાશીનો ઐલવંશ

પ્રતિષ્ઠાનના **ઐલવંશ**–પૌરવો યાદવો તુર્વસુઓ દ્રુહ્યુઓ અને આનવો

**પૌરવો**–ભરતવંશીઓ (હસ્તિનાપુરના), જેમાં ૧ ભરતો (આજમીઢો) અને ૨ દ્વિમીઢો (આમ બે ફાંટા)

**યાદવો**–હૈહયો અને યાદવો (જેમાં હૈહયોના વીતિહોત્ર વગેરે તાલજંઘો; આ હૈહયોના વીતિહોત્રવંશ શાર્યાતવંશ ભોજવંશ અવંતિવંશ અને તુંડિકેરવંશ, આ પાંચે 'તાલજંઘ' કહેવાતા હતા. વીતિહોત્રના અનુક્રમે અનંતદુર્જય અમિત્રકર્ષણ.)

**યાદવો**–વૈદર્ભો અને ચેદિનો વંશ (જેના ઉપર વસુ પૌરવે વિજય મેળવેલો). વૈદર્ભશાખામાં માધવવંશમાંથી સાત્વનવંશ; સાત્વતવંશમાં ૧ અંધકભોજ, ૨ માર્તિકાવતના ભોજો અને ૩ વૃષ્ણિઓ. અંધકભોજોના વંશમાં ૧ મથુરાના કુકુરો અને ૨ અંધકો

દ્રુહ્યુઓમાં અને ગાંધારોમાંથી વાયવ્ય સરહદની પશ્ચિમના રાજવંશો

**આનવોમાં** ઉશીનરો અને તિતિક્ષુઓ (જેમાં ૨૬ ઉશીનરનો ૨૭ શિબિવંશ (પંજાબના રાજવંશો). ૨૬ તિતિક્ષુઓ–અંગ વંગ અને કલિંગના રાજવંશ

**ભરતો (આજમીઢો)**માં ભરતો (આજમીઢો) અને ઉત્તર પાંચાલ (જેના સંજયો અને સોમકો), જ્યારે ભરતો(આજમીઢો)માંથી કુરુઓ કે કૌરવો. આ કુરુઓના કુરુઓ–કૌરવો મુખ્ય શાખા) અને વાસવો (ચેદિના). મુખ્ય શાખાના કૌરવો અને પાંડવો, જ્યારે ૨ વાસવોની શાખામાં બૃહદ્રથો(મગધના), ચેદિઓ, કૌશાંબીનું રાજ્ય, કરુષનું રાજ્ય અને મત્સ્યનું(વિરાટનું) રાજ્ય [અપૂર્ણ]



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઉપનિષત્કાલીન શિષ્ય

[ગતાંક પા. ૮ થી ચાલુ]

ડૉ.કાંતિલાલ રા. દવે

પોતાની કુંવારી માતાના કલંકની વાત આચાર્ય સમક્ષ છુપાવ્યા વગર કહી દેતા સત્યકામની સત્યપ્રિયતા અને નિખાલસતા જ એને બ્રાહ્મણત્વના ઉચ્ચ પદે આરૂઢ કરી જ્ઞાનનો અધિકારી બનાવે છે (છાં. ઉપ, ૪–૪–૪). દીનહીન આચાર્ય રૈક્વ પાસે અપમાનિત થઈને પણ શિષ્યભાવે ઝૂકતા જાનશ્રુતિ પૌત્રાયણ (છાં. ઉપ. ૪–૨–૪) કે પોતાની વિદ્યાની અપૂર્ણતાનો સ્વીકાર કરી પરા વિદ્યા માટે આતુર શિષ્ય નારદ (છાં. ઉપ ૭–૧૩) જેવા શિષ્યોમાં નિર્વ્યાજ નમ્રતાનાં દર્શન થાય છે, તો કેટલાક કિસ્સાઓમાં શિષ્યોની ધીરજની કસોટી કરે તેવા આચાર્યોના આદેશના પાલનમાં તત્કાલીન શિષ્યોની અખૂટ સહનશીલતા વિદ્યાનુરાગિતા અને આચાર્ય પ્રત્યેની પૂજ્ય ભાવનાનાં જ દર્શન થાય છે (છાં. ઉપ ૪–૪–૧૫ અને ૮–૭–૩ થી ૧૫). કઠ ઉપનિષદ(૧–૩–૪)માં આચાર્ય વાજશ્રવા દ્વારા તદ્દન નકામી ગાયોની દક્ષિણા અપાતી જોઈને પોતે એમના કરેલી ગર્ભિત નિંદાથી આચાર્ય એવા પિતાનું કોપભાજન બનતા અને કડવું સત્ય સંભળાવી દેવાની હિંમતની કિંમત ચૂકવતા શ્રદ્ધાળુ નચિકેતાના દૃષ્ટાંતમાં એની સત્યપ્રિયતા અને ધર્મપ્રિયતાનાં દર્શન થાય છે. આચાર્ય પ્રત્યે ભારોભાર શ્રદ્ધાભક્તિ ધરાવતા હોવા છતાં તત્કાલીન શિષ્યો કશી બાંધછોડ કર્યા વિના સત્યને જ સર્વોપરિ ગણતા જણાય છે. આ જ કારણે આચાર્યે પ્રબોધેલા ઉપદેશમાં જો શિષ્યને અસંગતિનો ભાસ થાય તો તરત જ એઓ શંકા ઉઠાવતા જોવા મળે છે (બૃ. ઉપ. ૪–૫–૧૪).

ઉપનિષત્કાલમાં આદર્શ જુવાન શિષ્યની બાબતમાં સમાજની અપેક્ષાનું એક સુંદર શબ્દચિત્ર તૈ. ઉપ.(૨–૮–૪)માં પ્રાપ્ત થાય છે. તદનુસાર સાધુ (સદાચારી), વેદાભ્યાસી, ઉચ્ચ આશાવાળો, દૃઢ નિશ્ચયવાળો, બળવાન અને આધ્યાત્મિકતા–સંપન્ન જુવાન એ કાલનો આદર્શ વિદ્યાર્થી હતો. તૈ. ઉપ.(૧–૪–૧)માં પ્રાપ્ત થતી શિષ્યના સ્વમુખે અભિવ્યક્ત થયેલી આ પ્રાર્થનામાં તત્કાલીન શિષ્યોની ઉચ્ચ આકાંક્ષાનાં દર્શન થાય છે, જેમાં શિષ્ય કામના કરે છે : 'ઇન્દ્ર મને મેધાથી બલિષ્ઠ કરો. હું અમૃત(બ્રહ્મજ્ઞાન)ને ધારણ કરું. મારી જિહ્વા અત્યંત મધુરભાષિણી બને. હું બહુશ્રુત થાઉં. આપ મારા બ્રહ્મજ્ઞાનની રક્ષા કરો. મારાં વસ્ત્રો, ગાય આદિ પશુઓ, અન્નપાનાદિને નિત્ય લાવનાર વધારનાર અને દીર્ઘકાલપર્યંત નિભાવનાર લક્ષ્મી મારે માટે લાવી આપો. બ્રહ્મચારીઓ નિષ્કપટ અને સંયમેંદ્રિય થાઓ. હું લોકમાં યશસ્વી થાઉં. સંપત્તિવાનોમાં હું અગ્રણી થાઉં. મને બ્રહ્મચારીઓ પ્રાપ્ત થાઓ. મને દર્શન દો. આપ મને પ્રાપ્ત થાઓ."

યુવકોની જેમ ઉપનિષત્કાલમાં કન્યાઓ પણ ઉપનયનસંસ્કારથી દીક્ષિત થઈ, બ્રહ્મચર્યનું પાલન કરી શિક્ષણ મેળવતી. વિદ્યાભ્યાસની સમાપ્તિ બાદ લગ્ન કરનારી કન્યાઓ 'સદ્યોદ્વાહા' તરીકે ઓળખાતી, જ્યારે બ્રહ્મચિંતન અર્થે આજીવન નૈષ્ઠિક બ્રહ્મચર્યનું પાલન કરનાર કન્યાઓ 'બ્રહ્મવાદિની' તરીકે ઓળખાતી.

પ્રાચીન ઉપનિષદોના અભ્યાસના આધારે એમ કહી શકાય કે વિદ્યાભ્યાસ માટે પરિપક્વ ગણી શકાય તેટલી વયે શિષ્ય ઉપનયન–સંસ્કારથી દીક્ષિત થઈ આચાર્યકુળમાં જતો. અલબત્ત, વિદ્યાપ્રાપ્તિ માટે વય કોઈ રીતે બંધનરૂપ ન હતી. આચાર્યકુલવાસની સમયમર્યાદા વિશે પણ કોઈ જડતા ન હતી. શિક્ષણ વિધિપુરઃસર જ આપી શકાય એવી અનિવાર્યતા પણ જોવા મળતી નથી. બ્રહ્મચર્યાશ્રમની સાથે સાથે ગૃહસ્થાશ્રમમાં પણ શિક્ષણનું અધ્યયન તેમ અધ્યાપન કરવામાં કશો જ સંકોચ જોવા



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મળતો નથી.૭ શંકાશીલ કે અસંસ્કારી શિષ્યોને બાદ કરતાં તમામ જિજ્ઞાસુઓ માટે આચાર્યનાં દ્વાર ખુલ્લાં રહેતાં. બ્રહ્મજિજ્ઞાસુઓની પાત્રતા અથવા એના બ્રાહ્મણત્વની કસોટી જન્મના આધારે નહિ, પણ ગુણ કર્મ અને વાણીના આધારે થતી. આથી જ તો રાય-રંક ઉચ્ચ-નીચ સ્ત્રી-પુરુષ કે અન્ય કોઈ પણ પ્રકારના ભેદભાવ સિવાય સર્વને વિદ્યાભ્યાસનો અધિકાર પ્રાપ્ત હતો. આમ ઉપનિષત્કાલમાં શિક્ષણક્ષેત્રે સંકુચિતતા અને જડતાના સ્થાને સ્વતંત્ર નિષ્પક્ષ અને મુક્ત વાતાવરણનાં દર્શન થાય છે; પરિણામે પરવર્તી કાલમાં માત્ર જાતિના કારણે વિદ્યાવંચિત રહેલા કર્ણો અને એકલવ્યોને બદલે ઉપનિષત્કાલમાં સત્યકામ જાબાલો અને ગાર્ગી-મૈત્રેયીઓનાં સમુજ્જ્વલ દૃષ્ટાંત ઉપલબ્ધ થાય છે.

ઠે. સંસ્કૃત વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર-૩૮૮૧૨૦

## પાદટીપ

૧. પટેલ મ. ચ. કૃત ઉપનિષદ્-જ્યોતિ, ભા. ૨, પૃ. ૪૭ પરથી ઉદ્ધૃત
૨. છાં. ઉપ. ૬-૧૨-૨
૩. જુઓ છાં. ઉપ. ૮-૧૧-૩, પ્રશ્ન. ઉપ. ૧-૨, છાં. ઉપ. ૪-૪-૫ અને ૪-૧૦-૪.
૪. તૈ. ઉપ. ૧-૧૧-૨
૫. છાં. ઉપ. ૮-૧૫-૧. સરખાવો શિક્ષણશાસ્ત્રી સ્પેન્સરનો મત: શિક્ષણથી કોઈ દિવસ કોઈ માણસ મહાન થતો નથી. જે મહાન થઈ ગયા તે જીવનના સંસ્કારથી થયા છે.
૬. જુઓ યમસ્મૃતિ :

પુરાકલ્પે તુ નારીણાં મૌઞ્જીબન્ધનમિષ્યતે ।
અધ્યાપનં ચ વેદાનાં સાવિત્રીવાચનં તથા ॥

અલબત્ત, આ નિર્દેશ પરવર્તી કાલનો છે છતાં એમાં 'પુરાકલ્પ' શબ્દ દ્વારા પ્રાચીન કાલની જ વાત કહેવાઈ છે. અથર્વવેદ(૧૧-૫-૧૮)માં પણ કન્યાઓના બ્રહ્મચર્યવ્રતની વાત કહેવાઈ છે: બ્રહ્મચર્યેણૈવ કન્યા યુવાનં વિન્દતે પતિમ્ ।

૭. છાં ઉપ. ૫-૧૨-૨૪, બૃ. ઉપ. ૨-૪-૭ થી ૧૨ અને ૪-૨-૩, ૪-૩-૧૨, ૪-૩-૧૮ થી ૨૧ વગેરે


સ્થાપના : તા. ૧૧-૧૦-૨૭ ફોન : ૫૫૩૨૯૧/૫૫૮૩૫૦

ધી બરોડા સિટી કો-ઓપરેટિવ બેન્ક, લિ.

રજિ. ઓફિસ : સંસ્થાવસાહત, રાવપુરા, વડોદરા-૩૯૦૦૦૧
શાખાઓ : ૧. સરદારભવન, જ્યુબિલી બાગ પાસે, ટે. નં. ૫૪૧૮૨૪
૨. પથ્થરગેટ પાસે, ટે. નં. ૫૪૧૯૩૧
૩. ફતેગંજ, ચર્ચની સામે, ટે. નં. ૩૨૯૩૬૪
૪. સરદાર છાત્રાલય, કારેલીબાગ, ટે. નં. ૬૪૮૧૨
દરેક પ્રકારનું બેન્કિંગ કામકાજ કરવામાં આવે છે.
મેનેજર : કાંતિભાઈ ડી. પટેલ મંત્રી : ચંદ્રકાંતભાઈ ચુ. પટેલ
પ્રમુખ : કીકાભાઈ પટેલ




For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સામાજિક સુધારો અને કરસનદાસ મૂળજી

[૧૯ મા સૈકાનો પૂર્વાર્ધ]

શ્રી વિકેશ સુશીલચંદ્ર પંડયા

ઈ. સ. ૧૮૧૮ માં ગુજરાત ઉપર બ્રિટિશ શાસનની સ્થાપના થયા બાદ ગુજરાતમાં નવી સામાજિક ચેતનાનો ઉદ્‌ગમકાલ શરૂ થયો. બ્રિટિશ શાસકોએ વિકસાવેલ વહીવટી અને કાનૂની સંસ્થાઓ તેમજ વ્યક્તિસ્વાતંત્ર્યનાં મૂલ્યો ઉપર રચાયેલા વિચારોને પરિણામે ગુજરાતમાં એક નવો મધ્યમ વર્ગ ઉત્પન્ન થયો. આ નવા બૌદ્ધિક મધ્યમ વર્ગે ગુજરાતમાં ઘર કરી ગયેલાં વહેમ અંધશ્રદ્ધા તેમજ સામાજિક અનિષ્ટો અને કુરિવાજો સામે ઝુંબેશ ઉઠાવી. દુર્ગારામ મહેતાજી, કવિ નર્મદ, મહીપતરામ રૂપરામ અને કવિ દલપતરામ જેવા સંનિષ્ઠ સુધારકો સમાજસુધારાના વાહક બન્યા.[1]

આ સૌ સમાજસુધારકોમાં જો કોઈ મહાન અગ્રેસર હોય તો એ કરસનદાસ મૂળજી (૧૮૩૨-૧૮૭૧)[2] હતા. એઓ સાચા અર્થમાં યુગપલટાનું સંતાન હતા. એમના પૂર્વજો મૂળ સૌરાષ્ટ્રના હતા, પણ સૌરાષ્ટ્રના બીજા અનેક કપોળ વણિકોની જેમ એઓ મુંબઈમાં સ્થાયી થયા હતા અને આમ કરસનદાસનો જન્મ પણ મુંબઈમાં ૧૮૩૨ ના જુલાઈમાં થયેલો.

કરસનદાસ તેજસ્વી વિદ્યાર્થી હતા. ૧૮૫૩ માં એઓ ૨૧ વર્ષની ઉંમરે એલ્ફિન્સ્ટન કૉલેજમાં જોડાયા અને શરૂઆતથી જ આ કૉલેજની બૌદ્ધિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયા. કૉલેજ-કાલથી જ એઓ "રાસ્ત ગોફતાર" નામના સામયિકમાં લેખો લખતા. આ ઉપરાંત એઓ "બુદ્ધિવર્ધક હિંદુ સભા" સાથે પણ ઘનિષ્ઠ રીતે સંકળાયા. ૧૮૫૩ માં એમણે માત્ર ૨૨ વર્ષની ઉંમરે "વિધવા-પુનર્લગ્ન" શીર્ષક નીચે નિબંધ લખ્યો. આ નિબંધમાં એમણે સ્ત્રી-પુરુષના સમાન અધિકારની ઘોષણા કરી અને વિધવાની અત્યંત લાચાર પરિસ્થિતિનું વર્ણન કર્યું. એમણે દલીલ કરી કે "જો પુરુષો એમની પત્નીના અવસાન પછી બીજી ત્રીજી કે ચોથી વાર લગ્ન કરી શકતા હોય તો બાર-ચૌદ વર્ષની બાળવિધવાને લગ્ન કરવાનો અને જીવન જીવવાનો કોઈ જ અધિકાર નહિ?" આ વખતે કરસનદાસનાં માતા મૃત્યુ પામ્યાં હોવાથી અને બાપે બીજાં લગ્ન કર્યાં હોવાથી જુવાન કરસનદાસ એમનાં માતાનાં વિધવા કાકીને ઘેર રહેતા હતા, પણ કરસનદાસના કમનસીબે કરસનદાસે સંતાડી રાખેલો આ નિબંધ કાકીના હાથે ચડી ગયો અને કાકીએ કરસનદાસને ઘરની બહાર હાંકી કાઢયા.[3]

આમ અચાનક હકાલપટ્ટી થવાથી કરસનદાસને નોકરી કરવી પડી, પરંતુ નોકરીની સાથે સાથે એમણે મુંબઈથી પ્રસિદ્ધ થતા "સત્યપ્રકાશ" સામયિકમાં સુધારાના લેખ લખવા માંડયા. ૧૮૫૫ માં એઓ એના તંત્રી પણ બન્યા.

કરસનદાસે સ્ત્રી-પુરુષોનાં કજોડાં, બાળલગ્નો, વિધવા ઉપરના અત્યાચાર, પરદેશગમન, જ્ઞાતિ દ્વારા થતાં શોષણ વગેરે વિષયો ઉપર ઘણા લેખ લખ્યા હતા અને વ્યક્તિગત રીતે તથા સંસ્થાઓ દ્વારા આ કુરિવાજો સામે ઝુંબેશ પણ શરૂ કરી હતી. આમ છતાં પણ સુધારક તરીકેની કારકિર્દીના સિરતાજ-રૂપ જો કોઈ પ્રસંગ હોય તો એ ૧૮૬૧ નો "મહારાજ લાયબલ કેસ" હતો. વલ્લભ-સંપ્રદાયના કોઇ ધર્મગુરુઓની કયાંક કયાંક જોવામાં આવતી અનીતિમાંથી આ કેસ ઉદ્‌ભવ્યો હતો. એ સંપ્રદાયના કોઈ કોઈ ધર્મગુરુઓની એમના સેવકો-અનુયાયીઓ ઉપરની પકડ કલ્પી ન શકાય તેટલી મજબૂત હતી. એઓએ અનુયાયીઓ ઉપરની સત્તા જમાવવા તેમજ ટકાવી રાખવા એમની જ્ઞાતિઓ તેમ મહાજનો દ્વારા જાળ બિછાવી હતી. ભાટિયા અને કપોળ વાણિયા જેવા વેપારીઓ ઉપર એઓ રીતસરના



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરવેરા નાખતા. એ મહારાજો એમના સેવકોને ધર્મનું જ્ઞાન આપવાને બદલે તેમજ એમનું નૈતિક ધોરણ ઉચ્ચ બનાવવાને બદલે અમનચમન કરતા, એટલું જ નહિ, સ્ત્રીઓ સાથે છૂટથી વ્યભિચાર કરતા.

નર્મદ અને કરસનદાસ મૂળજીએ આવા મહારાજોનાં આ પાખંડોને જાહેર કર્યાં. એમની ઉપર વેર લેવા હવે એવા મહારાજોએ મંદિરોના દરવાજા બંધ કરી દીધા અને જાહેર કર્યું કે "જ્યાં સુધી અમારા સેવકો કરસનદાસને શિક્ષા નહિ કરે ત્યાંસુધી એમના ભગવાનનાં દર્શન નહિ થવા દઈએ." આ સમયે એમણે કોર્ટમાં લડવા માટે રૂ. ૬૦,૦૦૦નું એક ફંડ પણ એકઠું કર્યું, પણ કરસનદાસે નમતું ન જોખતાં "ગુલામી ખત" નામના લેખ દ્વારા એવા મહારાજો સામે સજ્જડ પ્રહારો કર્યા. એમના જ્ઞાતિ-પંચે કરસનદાસને ન્યાત બહાર કર્યા, પરંતુ એઓ અણનમ રહ્યા. માર્ચ, ૧૮૫૯ માં એમણે "મહારાજોનો જુલમ" નામના લેખમાં લખ્યું કે "શું જુલમની વાત!! વાંચનાર ભાઈઓ, તમારી દોલત આવી રીતે લૂંટી લેવામાં આવે તો તેથી તમને ક્રોધ નાહ ચડે? અફસોસ! અફસોસ! શું જુલમ! શું જુલમ! શું મહારાજ! શું તેનો કારભાર! શું તેનો મહિમા! શું તેનું ડહાપણ! શું તેનું મંદિર! શું તેની લાયકી! શું તેની લીલા અને શું તેની ચતુરાઈ!! આવા જુલમી મહારાજોની સત્તા તોડી પાડવાને શું વૈષ્ણવોમાં દૈવત નથી? શું વૈષ્ણવોમાં રામ નથી? શું વૈષ્ણવોમાં પાણી નથી?"[૪]

કરસનદાસે એમના તીખા તમતમતા લેખો દ્વારા મુંબઈમાંના એવા મહારાજોના દુષ્ટાચારો અને પાખંડોની પૂરેપૂરી ઝાટકણી કાઢી, પણ એનું કોઈ પરિણામ ન આવ્યું. છેવટે એમણે ૧૮૬૦ ના સપ્ટેમ્બરમાં એમનો ઈતિહાસ-પ્રસિદ્ધ લેખ "હિંદુનો અસલ ધરમ અને હાલના પાખંડી મતો" પ્રસિદ્ધ કર્યો. આ વેધક લેખમાં એઓએ એવા મહારાજોની પાપલીલાને તેમજ વ્યભિચારને ખુલ્લાં પાડ્યાં હતાં:[૫]

"અરરર! આ કેવું પાખંડ, આ કેવો ઢોંગ અને આ કેવી ઠગાઈ!! અમે જદુનાથજી મહારાજને પૂછીએ છઈએ કે કહા વેદમાં, કહા પુરાણમાં અને સમૃતીમાં લખીઉં છે કે મહારાજને અથવા ધર્મગુરુને પોતાની પરણેલી સ્ત્રી ભોગવે એ પહેલાં સોંપવી... અરરર, આ લખતાં હમારી કલમ ચાલતી નથી. હમોને અતીશે કંટાળો અને ધ્રુજારો છૂટે છ......તમારા વડીલોએ ભોલા લોકોની આંખમાં ધુલ છાંટીને આંધલા કીધા છે. તેઓને દેખતા કરવા માંગો છો કે ધરમનું મોટું અભિમાન ધરીને ભોલા લોકોને વધારે ઠગવા માંગો છો?"[૬]

જદુનાથજી મહારાજે આ લેખનો જવાબ અખબારી યુદ્ધની ઢબે ન આપ્યો. એમણે અદાલતી યુદ્ધ શરૂ કર્યું. પોતાના વકીલ મારફત ૩૩ વર્ષના બહુભાષી અને ચતુર ધર્મગુરુ જદુનાથજીએ કરસનદાસને નોટિસ મોકલાવી કે ઉપર્યુક્ત લખાણ માટે જાહેરમાં માફી માગો. ૨૯ વર્ષના કરસનદાસ કાચી માટીના નહોતા. એમનાં વિચારો અને વ્યક્તિત્વ ઘડાઈ ચૂકેલાં હતાં. એમણે પડકાર ઝીલી લીધો અને જદુનાથજી મહારાજે કરસનદાસ પર રૂ. ૫૦,૦૦૦નો બદનક્ષીનો દાવો માંડ્યો.

આમ ઇતિહાસપ્રસિદ્ધ "મહારાજ લાયબલ કેસ" શરૂ થયો,[૭] પણ હજુ તો એની સુનાવણી થાય એ પહેલાં એમાંથી એક નવો ફણગો ફૂટયો. મહારાજોને એવી ગંધ આવી ગઈ હતી કે મુંબઈમાં વસતા ૧૦,૦૦૦ ભાટિયાઓમાંથી કેટલાક એમની સામે અદાલતમાં એવા પુરાવા રજૂ કરશે કે મહારાજોને વ્યભિચારી તરીકે સાબિત કરે. એવા સંદેહથી અગમચેતી વાપરીને જદુનાથજી અને મુંબઈમાંના બીજા મહારાજોએ ભાટિયાઓની એક ખાનગી સભા બોલાવી. આ સભામાં એવો ઠરાવ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પસાર થયો કે જે કોઈ પણ ભાટિયા મહારાજની વિરુદ્ધ જુબાની આપશે તેને તરત જ ન્યાતબહાર કરવામાં આવશે, આથી કરસનદાસે મહારાજની સામે અદાલતમાં ફરિયાદ કરી કે એમણે જ્ઞાતિપંચ દ્વારા આવા ઠરાવ પસાર કરાવીને પુરાવાઓને દબાવવાની અને ન્યાયમાં રુકાવટ લાવવાની કોશિશ કરી છે. "ભાટિયા કોન્સ્પિરસી (કાવતરા) કેસ" તરીકે જાણીતા બનેલા આ કેસનો ચુકાદો ૧૧-૧૨-૧૮૬૧ ને દિવસે આવ્યો. સર જોસેફ આર્નોલ્ડ નામના બ્રિટિશ ન્યાયાધીશે મહારાજને તેમજ એમના ભાટિયા અનુયાયીઓને ગુનેગાર ઠરાવીને એમનો દંડ કર્યો.

મહારાજ લાયબલ કેસ ૨૫-૧-૧૮૬૨ ને દિવસે શરૂ થયો. આ કેસ દરમ્યાન કરસનદાસ ઉપર એમના દુશ્મનોએ હુમલા કરવાના પણ પ્રયાસ કર્યા હતા. કેસમાં વાદી-પ્રતિવાદીઓ એમની જુબાની રંગીન રીતે આપતા હોઈ અદાલતમાં ભારે ભીડ જામતી. મુંબઈ ઇલાકાનાં લગભગ બધાં જ અખબાર આ કેસની સુનાવણી દરમ્યાન એને વિશે કાંઈ ને કાંઈ ઉલ્લેખ કરતાં. ઘણી વિગતો પુરાવાઓ સાથે અદાલતમાં પ્રકાશમાં આવી. મુંબઈની ગ્રાન્ટ મેડિકલ કૉલેજમાંથી બહાર પડેલા બે સુવિખ્યાત ડૉકટરોએ તો એવી જુબાની આપી કે ઉક્ત મહારાજ પરમિયા અને સિફિલિસ રોગ માટે એમની સારવાર લેતા હતા. આ બે ડૉકટરો એ ભાઉ દાજી અને ધીરજરામ દલપતરામ. આ ઉપરાંત કવિ નર્મદ, મંગળદાસ નથુભાઈ, લખમીદાસ ખીમજી અને ડૉ. જ્હૉન વિલ્સન જેવા અગ્રગણ્ય લોકોએ પણ કરસનદાસની તરફેણમાં સાક્ષી આપી.

મહારાજ લાયબલ કેસનો ચુકાદો ૨૨-૪-૧૮૬૨ ને દિવસે અપાયો તેમાં કરસનદાસ નિર્દોષ સાબિત થયા. કરસનદાસને આ કેસ લડવામાં રૂ. ૧૩૦૦૦ નો ખર્ચ થયો હતો તેમાંથી કોર્ટે ઉક્ત મહારાજ પાસેથી એમને રૂ. ૧૧,૫૦૦ અપાવડાવ્યા. આમ કરસનદાસે ખર્ચેલી રકમમાંથી મોટા ભાગની રકમ એમને મળી ગઈ, પરંતુ આ બહુ મહત્ત્વનું ન હતું. આ કેસમાં જે જે મુદ્દા બહાર આવ્યા તે મહત્ત્વના હતા. આ કેસે મુંબઈ ઇલાકામાં જે રીતે અભૂતપૂર્વ પ્રજાકીય ઉત્સાહ જાગ્રત કર્યો તે મહત્ત્વનું હતું. આ કેસનું જનજાગૃતિવિષયક અને કેળવણીવિષયક મૂલ્ય વિશેષ હતું. સામાન્યમાં સામાન્ય માણસો પણ આ કેસની વિગતો જાણવા આતુર બન્યા હતા. આ કેસમાંથી એક મહત્ત્વનો મુદ્દો ફલિત થયો, જેની એ જમાનાના લોકોએ ચીવટપૂર્વક નોંધ લીધી હોય એમ લાગતું નથી, પરંતુ એનું ઐતિહાસિક મહત્ત્વ આજે ૧૨૦ વર્ષ બાદ જોઈ શકાય છે. આ મુદ્દો એ વાત ઉપરથી ઉપસ્થિત થયો કે જદુનાથજી મહારાજે કોર્ટને એવી અરજી કરી કે પોતે લાખો લોકોના ધાર્મિક અને આધ્યાત્મિક વડા હોઈ પોતાને અદાલતમાં જુબાની આપવા માટે ફરજ પાડવામાં ન આવે, પરંતુ બ્રિટિશ કોર્ટ "ગોબ્રાહ્મણ પ્રતિપાલક"ના આદર્શને વરેલી નહોતી. મુંબઈની હાઈકોર્ટે (એ સમયે એ "સુપ્રીમ કોર્ટ" તરીકે ઓળખાતી) એના ચુકાદામાં આ વાતનો ફોડ પાડતાં કહ્યું કે "કોઈ પણ વ્યક્તિ ગમે તેટલી ઊંચી હોય, એનો દરજ્જો ગમે તેટલો મોભાવાળો હોય છતાં પણ કાયદાની વ્યાવહારિક પ્રણાલીઓને જાળવવાની કાર્યવાહીમાંથી એને મુક્તિ ન મળી શકે."

મહારાજ લાયબલ કેસે એવી સૈદ્ધાંતિક પ્રણાલી ઊભી કરી કે કાયદાની દૃષ્ટિએ સૌ કોઈ હિંદીઓ સરખા છે. માત્ર "હિંદીઓ" જ એટલા માટે કે રંગદ્વેષના ભયંકર જ્વરથી પીડાતા બ્રિટિશ શાસકો હિંદીઓને એમની સમાન કે સમકક્ષ ગણતા ન હતા. "ઇલ્બર્ટ બિલ" જેવા ધારાઓના ટેકામાં અને હિંદીઓને એક "હલકી જાત" તરીકે ગણીને એમને અન્યાય કરતા કાયદાઓ સામે હિંદીઓને ભવિષ્યમાં લડત આપવાની હતી. આમ છતાં પણ મહારાજ લાયબલ કેસે ૧૯ મા સૈકાના મધ્યભાગમાં



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જે રીતે "બ્રાહ્મણપ્રતિપાલ"ના સૈકાઓ-જૂના સિદ્ધાંતને ફટકો માર્યો તે જમાનાની દૃષ્ટિએ નવું હતું.

મહારાજ લાયબલ કેસમાં કરસનદાસનો વિજય એમનો વ્યક્તિગત વિજય જ નહોતો, એ નવા વિકસતાં જતાં સામાજિક મૂલ્યાંકનોનો વિજય હતો.

કરસનદાસનું જીવન અને એમણે લડેલો મહારાજ લાયબલ કેસ ૧૯ મા સૈકાના સમાજસુધારાના આંદોલનનું મહત્ત્વનું અંગ હતાં. કરસનદાસે ધર્મગુરુઓ કે એમની ન્યાત સામે કદી પણ નમતું ન જોખ્યું, ન તો એમણે નર્મદની જેમ સુધારાના વિચાર ફેરવ્યા. એમણે એક વાર કહ્યું હતું કે "મહારાજો સાથે મારે કોઈ અંગત વેર નથી." આ વસ્તુસ્થિતિ બતાવે છે કે એમની લડાઈ વ્યક્તિગત નહિ, પણ મૂલ્યો અને સિદ્ધાંતોની લડાઈ હતી. ૨૮ ઑગસ્ટ, ૧૮૭૧ ને દિવસે ૩૯ મા વર્ષે લીમડીમાં એમનું અવસાન થયું એના થોડા દિવસ પહેલાં એમણે જે કહ્યું હતું તે અત્યંત સૂચક હતું. એમણે કહ્યું હતું કે "હું ધારું છું કે મેં મારા ઓછા જ્ઞાનવાળા દેશી ભાઈઓ પ્રત્યે મારી ફરજ બજાવી છે, તેમ કરવામાં મેં કોઈને મારા દુશ્મન કર્યા હોય તો તેમ કરવાનો મારો હેતુ ન હતો. સારું અને પરોપકારી કામ કરતાં તેમ થયું એ માટે પરમેશ્વર પાસે હું જ્ઞાન અને દયા માગું છું." કરસનદાસ મૂળજી ૧૯ મા સૈકાના સમાજસુધારાના એક સાચા પ્રતીકરૂપ હતા.

## પાદટીપ

1. આર. એલ. રાવળ, 'સોશિયો–રિલિજિયસ રિફોર્મ મુવમેન્ટ્સ ઇન ગુજરાત ડયુરિંગ ધ નાઈન્ટીન્થ સેન્ચરી' (દિલ્હી, ૧૯૮૭), પૃ. ૨૫૬
2. વધુ વિગત માટે જુઓ, મહીપતરામ રૂપરામ, ઉત્તમ કપોળ : કરસનદાસ મૂળજી–ચરિત્ર (અ'વાદ, ૧૮૭૭); બી. એન. મોતીવાલા, 'કરસનદાસ મૂળજી, (બૉમ્બે, ૧૯૩૫)
3. મકરંદ મહેતા અને અચ્યુત યાજ્ઞિક, 'કરસનદાસ મૂળજી જીવન–નોંધ' (અ'વાદ, ૧૯૭૩), પૃ ૧૩
4. એજન, પૃ. ૨૨–૨૩
5. "મહારાજ લાયબલ કેસ તથા તેની સાથે સંબંધ રાખનાર ભાટીયા કોન્સ્પિરસી કેસનો રિપોર્ટ અથવા હેવાલ", બીજી આવૃત્તિ (મુંબઈ, ૧૮૭૯).
   ઉપર્યુક્ત ગ્રંથમાંથી આ અવતરણ લેવામાં આવ્યું છે.
6. એજન
7. મકરંદ મહેતા, 'મહારાજા લાયબલ કેસ : એ સ્ટડી ઇન સોશિયલ ચેઈન્જ ઈન વેસ્ટર્ન ઈન્ડિયા ઈન ધ નાઈન્ટીન્થ સેન્ચરી', 'ઈન્ડો–ઈન્ડિયન કલ્ચર,' વૉ. ૧૯, નં ૪, જાન્યુઆરી, ૫–૭૧, પૃ. ૨૬–૩૯



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પૌરાણિક વંશાવલીઓ

કે. કા. શાસ્ત્રી

યુરોપીય વિદ્વાનો આપણા દેશમાં આવ્યા અને પૌરસ્ત્ય વિદ્યાઓનો અભ્યાસ કરી એમાં નિષ્ણાત પણ બન્યા ત્યારે વૈદિક સંહિતાઓથી લઈ મહાભારત-રામાયણ-પુરાણોના વિષયમાં કહેતા રહ્યા કે એમાં આવતી બધી જ હકીકતો મનઘડંત છે. એ લોકો જ આપણે ત્યાં સ્થપાયેલાં મહાવિદ્યાલયોમાં પ્રોફેસરો થયા અને એમણે ભારતીય વિદ્યાર્થીઓને તૈયાર કર્યા તેથી એમના ગ્રંથો અને એમના દ્વારા મળેલા શિક્ષણના પ્રભાવમાં આપણા નવા વિદ્વાનો આવ્યા અને એમની જ દૃષ્ટિથી જોતા થયા. આ નવા વિદ્વાનોના લખેલા ગ્રંથો અને લેખોમાં આપણને આજ દિવસ સુધી એ જોવા-અનુભવવા મળે છે. જરા મોડેથી આવેલા યુરોપીય વિદ્વાનો પૂર્વગ્રહથી મુક્ત પણ આવ્યા અને સ્વતંત્રતાથી વિચારતા થયા. આવા વિદ્વાનોને હાથે થયેલા સંશોધનગ્રંથોમાં આપણને નવી વિચારસરણીનાં દર્શન થવા લાગ્યાં. આવા એક પ્રયત્નના ફલસ્વરૂપે ભારતીય પ્રાચીનતમ રાજવંશો અને ઋષિઓનાં વિષયમાં કલકત્તાની હાઈકોર્ટના ભૂતપૂર્વ ન્યાયમૂર્તિ એફ. ઈ. પાર્જિટરે જે મહત્ત્વનું સંશોધન 'એન્શ્યન્ટ ઈન્ડિયન હિસ્ટોરિકલ ટ્રેડિશન' (૧૯૨૨) શીર્ષક ગ્રંથમાં આપ્યું છે તેનો નિચોડ આપવાનો આ પ્રયત્ન છે.

વૈદિક સંહિતાઓ બ્રાહ્મણો આરણ્યકો ઉપનિષદો મહાભારત-રામાયણ અને પુરાણાદિ સાહિત્યમાં લાંબા સમયના ગાળામાં અનુશ્રુતિઓ વિકસતી રહી હતી તેઓમાંથી હજારોની સંખ્યામાં નાનાં મોટાં કથાનક સંગ્રહાયેલાં જોવા મળ્યાં છે. અનુશ્રુતિઓ એટલે કે કિંવદંતીઓ-દંતકથાઓ ઉપરથી આવાં કથાનક રચાઈને સંગૃહીત થયેલાં હોઈ એમાં અસ્વાભાવિક ચમત્કારિક વૃત્તાંતો પણ ઠેકઠેકાણે એકના એક કથાનકનાં એકથી વધુ જુદાં જુદાં સ્વરૂપે પણ અપાયેલા જોવા મળે છે. આમાંથી શુદ્ધ ઇતિહાસ તારવવો ભારે વિકટ છે, આમ છતાં પણ એ અશક્ય નથી. આ રીતે જોવાના પ્રયત્નોમાં શ્રી. પાર્જિટરનો પણ નોંધપાત્ર પ્રયત્ન છે. ઉપરના ગ્રંથની પૂર્વે 'પુરાણ ટેક્સ્ટ ઑફ કલિ એઈજ' (૧૯૧૨) પણ આવો જ મહત્ત્વનો પ્રયત્ન છે.

શ્રી. પાર્જિટરે આ બેઉ ગ્રંથોમાં મહાભારત-રામાયણ અને મહત્ત્વનાં પુરાણોમાં અપાયેલી રાજવંશોની વંશાવલીઓનો ઘનિષ્ઠ અભ્યાસ કરી બની શકે તેટલી ચોખ્ખી કરી આપવાનો પ્રયત્ન કર્યો છે. એ કરવાની સાથે સમકાલમાં થયેલા ઋષિઓને સાચવી આપવાનો પ્રયત્ન પણ કર્યો છે. વૈદિક સાહિત્યમાં પણ રાજવીઓ અને ઋષિઓ નોંધાયેલા છે તેઓનો મેળ પણ પૌરાણિક વંશાવળીઓ સાથે મેળવવાનો એમનો શુભ પ્રયત્ન છે.

એમણે બે પ્રકારની પરંપરા અનુશ્રુતિઓની બતાવી છે: ૧. ક્ષત્રિયોની પરંપરાની અને ૨. બ્રાહ્મણોની પરંપરાની. એઓ ક્ષત્રિયોની પરંપરાને વધુ વિશ્વસનીય કહે છે, જ્યારે બ્રાહ્મણોની પરંપરાને ઓછામાં ઓછી વિશ્વસનીય કહે છે. બ્રાહ્મણોની પરંપરા એ હકીકતમાં તો 'સૂતપરંપરા' છે. એમને એનો ખ્યાલ નથી એમ નથી, પણ નષ્ટ થઈ ગયેલી પરંપરાનું પુરાણાદિ સાહિત્યમાં સંકલન કરનારા બ્રાહ્મણ વિદ્વાનો જ હતા એવું શ્રી. પાર્જિટરનું મંતવ્ય સ્થિર થયેલું હોઈ એમણે આ પાછલી પરંપરાને 'બ્રાહ્મણપરંપરા' કહી છે. આપણે ત્યાં આમાંથી સત્ત્વ તારવવું છે તેથી વંશાવલીવિષયક એમનાં તારણ જ અહીં રજૂ કરવાનો એક નાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વંશાવલીઓ વંશાવલીઓના રૂપમાં મહાભારત-રામાયણ-હરિવંશ ઉપરાંત વાયુ-બ્રહ્માંડ-મત્સ્ય-બ્રહ્મ-વિષ્ણુ-ભાગવત-પદ્મ-કૂર્મ-માર્કંડેય-વરાહ-બૃહન્નારદીય-અગ્નિ-ગરુડ-અગ્નિ-ભવિષ્ય એ પુરાણો સાથોસાથ શતપથ બ્રાહ્મણ વગેરે બ્રાહ્મણગ્રંથોની પણ સહાય લઈ રજૂ કરી છે. નામોની સમાનતા, નામોનાં પાઠાંતરો વિકૃતિઓ ભ્રાંતિઓ વગેરેમાંથી શુદ્ધ કે શુદ્ધકલ્પ નામો તારવવાનું ભારે વિકટ કાર્ય એમણે કર્યું છે. એમનો વિશિષ્ટ પ્રયત્ન તો જુદા જુદા રાજવીઓની અન્ય વંશોના રાજવીઓ અને ઋષિઓ સાથેની સમકાલીનતા શોધી કાઢીને વંશાવલીઓના કોઠાઓમાં આપેલ છે એ છે. એમણે જે રાજવીઓ નિરપવાદ રીતે સિદ્ધ કર્યા છે તેવાં નામોની આગળ-ફૂદડી મેં બતાવ્યા છે, જે રાજવીએ સુપ્રસિદ્ધ છે તેમનાં નામ પછી * ફૂદડી કરી એ બતાવ્યા છે.

આગળ જતાં પહેલા કોઠામાં જુદા જુદા વંશોની સમાંતર યાદીઓ આપવામાં આવી છે. કોઈ વંશ વચ્ચે અટકી પડતો હોય અને પછીની જગ્યા કોરી પડતી હોય ત્યાં નવા રાજવંશ શરૂ થતા હોય તો એવાઓને સમાવવાનો પણ પ્રયત્ન જોવા મળશે. પહેલો કોઠો મહાભારત-યુદ્ધ સુધીના રાજવંશોનો છે.

બીજા કોઠામાં ઉપરના જ અનુસંધાનમાં પૌરવો અને વિદેહો તથા અન્ય નોંધપાત્ર રાજાઓ પૌરવવંશના છેલ્લા ૧૦૦ મા અધિસીમકૃષ્ણ સુધીના સમકાલીન ઋષિઓ આપવામાં આવ્યા છે. ઋષિ-પરંપરામાં ભારે મુશ્કેલી મૂળ નામ અને ગોત્રનામની છે. આપણે 'વસિષ્ઠ' 'વિશ્વામિત્ર' 'ભરદ્વાજ' 'ભર્ગ' વગેરે ઋષિનામો જોઈએ તો અનેક પેઢીઓના રાજવીઓના સમકાલમાં આ નામો જોવા મળતાં હોય છે, જેના આરંભ વૈદિક સંહિતાઓમાં જોવા મળે છે. શ્રી. પાર્જિટરે સમકાલીન ગોત્રનામ સાથે મૂળનામ પણ નક્કી કરવાનો પ્રયત્ન કર્યો છે એનો ખ્યાલ આ બીજા કોઠાથી સરળતાથી આવશે.

ત્રીજા કોઠામાં ઋષિઓની આનુપૂર્વી આપી છે. કોઠામા ક્રમિક અંકો આપવામાં આવ્યા છે તે રાજવંશોના ૧ અંકવાળા કોઠામાંના અંકોના ક્રમના છે. આનાથી તે તે અંકના રાજવીઓના સમકાલના ઋષિઓ કોણ હતા એ સરળતાથી સમજી શકાશે.

ત્રણે કોઠા પૂરા થતા ગૌણ રાજવંશોનો આછો ખ્યાલ આપવામાં આવ્યો છે. તે તે નામની આગળના અંક રાજવીઓના હોય તો એ ૧ અંકવાળા કોઠાના સમજવા અને ઋષિઓના નામોના આગળના છે તે ૩ અંકવાળા કોઠાના સમજવા.

રાજવંશોમાંના તે તે રાજવી કે કોઠાઓના ઋષિઓ કયા સમયમાં થયા એ કહેવું ભારે વિકટ છે, શ્રી. પાર્જિટરે પેઢીનામામાં તે તે રાજવીના સરેરાશ રાજ્યકાલ બતાવતાં વધુમાં વધુ ૧૮ વર્ષનો અને ઓછામાં ઓછો ૧૨ વર્ષના હોવાનો મત બતાવ્યો છે(પૃ. ૧૮૨-૧૮૩). શ્રી. પાર્જિટરે મહાપદ્મ નંદના રાજ્યાભિષેકથી લઈ ભારતયુદ્ધ સુધીના ગાળાના સમય ઈ.પૂ. ૯૫૦ (પૃ.૧૮૨) આપ્યો છે. કોઠા અંક ૧ માં ધૃતરાષ્ટ્ર સુધી ૯૩ અંક આપ્યા છે. સરેરાશ રાજ્યકાલ ૧૮ વર્ષનો ગણતાં ૧૬૭૪ વર્ષ આવે, જે ૯૫૦ મા મળતા ઈ. પૂ. ૨૬૨૪ નું વર્ષ મનુના રાજ્યકાલના આરંભનું આવે. મનુ અનુશ્રુતિનું પાત્ર છે અને સાચો આરંભ તો 'ઈક્ષ્વાકુ'થી થાય છે, અર્થાત્ ઈક્ષ્વાકુનો રાજ્યકાલ આશરે ઈ.પૂ. ૨૬૦૬ આસપાસથી આવે. એક ઈક્ષ્વાકુનું નામ ઋગ્વેદ(૧૦-૬૦-૪)ના દસમા મંડળમાં જોવા મળે છે. વૈદિક સંહિતાઓમાં અનેક રાજવીઓનાં નામ મળે છે, ઋગ્વેદના પ્રાચીન ભાગ ઈ.પૂ. ૮૦૦૦ થી ૧૦૦૦૦ વર્ષ ઉપરના હોય તો નવા ભાગ અને પછીની સંહિતાઓ ઈ. પૂ. ૨૦૦૦ સુધી આવી રહે. ઋગ્વેદનું દસમું મંડળ ઈ.પૂ. ૨૬૦૬ પછીનું માનવું પડે, જે યાકોબિના અંદાજે ઈ.પૂ. ૪૦૦૦ થી ૬૦૦૦ ના ગાળામાં પડે છે. આ પ્રકારના ગૂંચવાડામાંથી મુક્ત થવું હોય તો મનુના



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કહેવાતા પુત્રોથી મહાભારત-યુદ્ધ સુધીમાં ૯૩ પેઢી સળંગ ગણી છે તે સળંગ ન ગણતાં વચ્ચે વચ્ચે અનેક ઠેકાણે પેઢીનામો તૂટી ગયેલાં સંભવે. પેઢીનામાં સંકલિત કરનારા વહીવંચાઓએ ખાડા ન બતાવતાં પેઢીઓ સળંગ કરી નાખી છે. રામાયણમાં આ તૂટક્રમ ચાલુ પેઢીનામામાં પણ જોવા મળે છે. પૂરુ-વંશમાં પણ વચ્ચે ૨૦ થી ૪૩ મા દુષ્યંત વચ્ચે ૨૨ નામ ખંડિત થયેલાં અનુભવાય છે. આમ શ્રી. પાર્જિટરે આપેલી સમયમર્યાદા ગંભીર વિચાર માગી લે છે. અહીં તો એમની શુભનિષ્ઠાવાળો પ્રયત્ન જ બતાવ્યો છે.

ઉપરનું છપાઈ ગયા પછી એક સરતચૂક ધ્યાનમાં આવી છે. એ ૯૩ મા ધૃતરાષ્ટ્રને ગણવાની કહીને, ભારત-યુદ્ધના સમયને ધ્યાનમાં લેવાનો હોઈ (પૃ. ૧૮૨) ૯૫ મા અભિમન્યુ સુધી આવવું જોઈયે, એટલે ૩૬ વર્ષ ઉમેરતાં મનુના રાજ્યકાલના આરંભનું વર્ષ ૨૬૨૪+૩૬=૨૬૬૦ ઈ.પૂ.નું થાય. આનાથી કાંઈ ખાસ ફેરફાર પડતો નથી. આપણી સામે ભારે ગૂંચવણ ભરેલો પ્રશ્ન એ છે કે છેક ઋગ્વેદ સંહિતાથી લઈ શ્રૌતસૂત્રોના સમય સુધીમા વંશાવલીઓમાં આવતા અનેક રાજવીઓનાં નામ આવે છે. એટલું ખરું છે કે વૈદિક સંહિતાઓના સમય પછી બ્રાહ્મણો-આરણ્યકો-પ્રાચીન ઉપનિષદો-શ્રૌતસૂત્રોની રચના થઈ છે. કદાચ શતપથ બ્રાહ્મણ શ્રૌતસૂત્રોનું સમકાલીન હોય, પરંતુ અહીં ઋગ્વેદસંહિતાને ધ્યાનમાં લઈયે તો પૌરવવંશનો ૫૩ મો અજમીઢ ઋગ્વેદ(૪-૪૪-૬)માં જોવા મળે છે, જો ભારતયુદ્ધ પહેલાં ૭૭૪ વર્ષ ઉપર થયેલો પેઢીનામા પ્રમાણે આવે, તો મનુના અસ્તિત્વનો સ્વીકાર કરતાં એનો ઉલ્લેખ ઋગ્વેદ(૧-૮૦-૧૬)માં થયેલો હોઈ અને ઈક્ષ્વાકુવંશના આદ્યપુરુષ ઈક્ષ્વાકુનો ઉલ્લેખ ઋગ્વેદ(૧૦-૬૦-૪)માં થયેલો હોઈ (બેશક, ઋગ્વેદનાં મંડળ ૧ અને ૧૦ પ્રમાણમાં મોડાનાં ગણાય છે એટલે ઈ.પૂ. ૨૬૬૦ થી લઈ ઈ.પૂ. ૧૭૨૪ સુધીના ગાળામાં ઋગ્વેદનો વિકાસ થયો કહેવો પડે.) ભારતયુદ્ધનો સમય ઈ. પૂ. ૯૫૦ ગણવામાં આવે તો છાંદોગ્ય ઉપનિષદ(૩-૧૭-૬)માં કૃષ્ણ દેવકીપુત્રનો નિર્દેશ થયેલો હોઈ છાં. ઉપ.ને એમના પછી ગણવું પડે. શ્રી. પાર્જિટરે વિષ્ણુપુરાણ અને ભાગવતમાં મહાપદ્માનંદ અને પરીક્ષિતના રાજ્યાભિષેક સુધીના ગાળાનો ૧૦૫૦(૧૦૧૫ ?)નો સમય નોંધીને પણ સ્વીકાર્યો નથી. નવ નંદોનાં વર્ષ ૮૦ ગણ્યાં છે, એ હકીકતે ૧૦૦ નોંધાયાં છે, એટલે ચંદ્રગુપ્ત મૌર્ય ઈ.પૂ. ૩૨૨ માં ગાદીએ આવેલો સ્વીકારાયેલો હોઈ પરીક્ષિતના જન્મ સુધીનો સમય ૧૦૫૦+૩૨૨+૧૦૦=૧૪૭૨ ઈ.પૂ. આવે. આમ એ સમય અંદાજે ઈ.પૂ. ૧૫૦૦ આસપાસનો આવે. છાં.ઉપ.નો સમય પણ આ આવી શકે, તો મનુને જતા કરિયે તોયે ઈક્ષ્વાકુ તથા પુરૂરવા(બંને ર અંકના)નો સમય પ્રમાણમાં પાંચસો સાડા પાંચસો વહેલો જાય, એટલે કે અંદાજે ઈ.પૂ. ૩૦૦૦ વર્ષ ઉપર બંને વંશધરોનો સમય આવે. ઋગ્વેદનાં ૧ અને ૧૦ નો સમય આ પછીનાં વર્ષોમાં ૫૩ મા અજમીઢ સુધીના આશરે ઈ.પૂ. ૨૨૦૦ સુધીમાં આવે. આની સામે યાકોબી અને તિલક મહારાજ નડે છે. યાકોબી ઋગ્વેદનો સમય ઈ.પૂ. ૪૦૦૦ થી ૬૦૦૦ અને તિલક મહારાજ ૮૦૦૦ થી ૧૦૦૦૦ કહે છે. આ ગાળાનો ઉકેલ એક જ રીતે શક્ય છે કે પેઢીનામામાં ઇક્ષ્વાકુવંશને મોટે ભાગે નામો તૂટયા વિનાનો કહ્યો છે, યાદવોને પણ લગભગ એ રીતે જ, બ બધાં નામો વચ્ચે રાજવીઓનાં નામ તૂટી ગયાં છે. સૂતોએ (વહીવંચાઓએ) પરંપરાથી જે નામ મળ્યાં તેને, વચ્ચેના ખાંચા બતાવ્યા વિના સળંગ જ, નામાવલીઓ આપી. આમ વંશાવલીઓ તૂટક છે એમ કહેવામાં કાંઈ પણ અયુક્ત નથી લાગતું.



For Private and Personal Use Only

: ૧ :

# મહાભારત યુદ્ધ સુધીના રાજવંશ

| | ઇક્ષ્વાકુ | વૈશાલીના | વિદેહના | પૌરવો | યાદવો | હૈહયો |
|---|---|---|---|---|---|---|
| ૧ | મનુ | મનુ | મનુ | મનુ | | |
| ૨ | ઇક્ષ્વાકુ* | નાભાનેદિષ્ઠ | ઇક્ષ્વાકુ* | ઇલા–સુદ્યુમ્ન | | |
| ૩ | વિકુક્ષિ–શશાદ | | નિમિ | પુરૂરવા* | | |
| ૪ | –કાકુત્સ્થ | | | આયુ* | | |
| ૫ | –અનેના | | મિથિ–જનક | નહુષ* | | |
| ૬ | પૃથુ | ભલંદન | | –યયાતિ* | –યયાતિ* | –યયાતિ* |
| ૭ | વિષ્ટરાશ્વ | | | પૂરુ* | યદુ | યદુ |
| ૮ | આર્દ્ર | વત્સપ્રી | ઉદાવસુ | જનમેજય–૧ | ક્રોષ્ટુ | સહસ્રજિત |
| ૯ | યુવનાશ્વ–૧ | | | પ્રાચીનવાન | | |
| ૧૦ | શ્રાવસ્ત | | | પ્રવીર | | |
| ૧૧ | બૃહદશ્વ | | નંદિવર્ધન | મનસ્યુ | વૃજિનવાન | શતજિત |
| ૧૨ | કુવલાશ્વ | પ્રાંશુ | | અભયદ | | |
| ૧૩ | દૃઢાશ્વ | | | સુધન્વા-ધુંધુ | | |
| ૧૪ | પ્રમોદ | | સુકેતુ | બહુગવ | સ્વાહિ | હૈહય |
| ૧૫ | હર્યશ્વ–૧ | | | સંયાતિ | | |
| ૧૬ | નિકુંભ | પ્રજાનિ | | અહંયાતિ | | |
| ૧૭ | સંહતાશ્વ | | દેવરાત | રૌદ્રાશ્વ | રુષદ્ગુ | ધર્મનેત્ર |
| ૧૮ | અકૃશાશ્વ | | | –ઋચેય | | |
| ૧૯ | –પ્રસેનજિત | | | –મતિનાર | –ચિત્રરથ | કુંતિ |
| ૨૦ | –યુવનાશ્વ–૨ | ખનિત્ર | બૃહદુક્થ | તંસુ | –શશબિંદુ* | |
| ૨૧ | –માંધાતા* | | | | પૃથુશ્રવા | સાહંજ |
| ૨૨ | –પુરુકુત્સ* | | | | અંતર | |
| ૨૩ | –ત્રસદસ્યુ | | મહાવીર્ય | | | મહિષ્માન |
| ૨૪ | સંભૂત | ક્ષુપ | | | સુયજ્ઞ | |
| ૨૫ | અનરણ્ય | | | | | –ભદ્રશ્રેણ્ય* |
| ૨૬ | ત્રસદશ્વ | | ધૃતિમાન | | ઉશના | |
| ૨૭ | હર્યશ્વ-૨ | | | | | –દુર્દમ |
| ૨૮ | વસુમત(–ના) | વિંશ | | | શિનેય | કનક |
| ૨૯ | ત્રિધન્વા | | સુધૃતિ | | | |
| ૩૦ | –ત્રય્યારુણ | | | | મરુત્ત | કૃતવીર્ય |
| ૩૧ | | | | | | –અર્જુન |
| ૩૨ | –સત્યવ્રત–ત્રિશંકુ* | વિવિંશ | ધૃષ્ટકેતુ | | કંબલબર્હિષ | |



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

: ૧ :

## મહાભારત યુદ્ધ સુધીના રાજવંશ

| તુર્વસુ | કાન્યકુબ્જ | દ્રુહ્યુ | કાશી | આનવ્ય-વા. | આનવ્ય-ઈ. | |
|---|---|---|---|---|---|---|
| | | | | | | ૧ |
| | | | | | | ૨ |
| | પુરૂરવા* | | | | | ૩ |
| | અમાવસુ | | | | | ૪ |
| | | | નહુષ* | | | ૫ |
| -યયાતિ* | | -યયાતિ* | ક્ષત્રવૃદ્ધ | -યયાતિ* | -યયાતિ* | ૬ |
| તુર્વસુ | | દ્રુહ્યુ | | અનુ | અનુ | ૭ |
| | | | | | | ૮ |
| | ભીમ | | સુનહોત્ર | | | ૯ |
| | | | | સુભાનુ | | ૧૦ |
| | | | | | | ૧૧ |
| | | બભ્રુ | કાશ | | | ૧૨ |
| | | | | કાલાનલ | | ૧૩ |
| વહ્નિ | કાંચનપ્રભ | | | | | ૧૪ |
| | | | દીર્ઘતપા | | | ૧૫ |
| | | | | સૃંજય | | ૧૬ |
| | | સેતુ | ધન્વ | | | ૧૭ |
| | | | | | | ૧૮ |
| | સુહોત્ર | | ધન્વંતરિ | પુરંજય | | ૧૯ |
| | | | | | | ૨૦ |
| ગર્ગ | | -અંગાર | કેતુમાન-૧ | | | ૨૧ |
| | | | | મહાશાલ | | ૨૨ |
| | -જહ્નુ* | ગાંધાર | ભીમરથ | | | ૨૩ |
| | સુનહ | | | મહામના | મહામના | ૨૪ |
| | અજક | | -દિવોદાસ-૧ | | | ૨૫ |
| | બલાકાશ્વ | ધર્મ | -અષ્ટારથ | ઉશીનર | તિતિક્ષુ | ૨૬ |
| | | | | શિબિ | | ૨૭ |
| ગોભાનુ | કુશ | | | | | ૨૮ |
| | કુશાશ્વ-કુશિક | ઘૃત | | -કેકય | | ૨૯ |
| | -ગાધિ* | | | | રુષદ્રથ | ૩૦ |
| | | | | | | ૩૧ |
| | -વિશ્વામિત્ર૦ | દુર્દમ | | | | ૩૨ |



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

: ૧ :

## મહાભારતયુદ્ધ સુધીના રાજવંશ(ચાલુ)

| | ઇક્ષ્વાકુ | વૈશાલીના | વિદેહનો | પૌરવો | યાદવો | હૈહયો |
|---|---|---|---|---|---|---|
| ૩૩ | –હરિશ્ચંદ્ર* | | | | | જયધ્વજ |
| ૩૪ | રોહિત | | | | રુક્મકવચ | તાલજંઘ |
| ૩૫ | હરિત, ચંચુ | ખનીનેત્ર | હર્યશ્વ | | | |
| ૩૬ | વિજય | | | | પરાવૃત | –વીતિહોત્ર |
| ૩૭ | રુરુક | | | | | |
| ૩૮ | વૃક | –કરંધમ | મરુ | | જયામઘ* | અનંત |
| ૩૯ | –બાહુ(અસિત) | –અવીક્ષિત | | | | દુર્જય |
| ૪૦ | | –મરુત્ત* | | | –વિદર્ભ | સુપ્રતીક |
| | | | | | | વૈદર્ભ–ચેદિ |
| ૪૧ | –સગર* | નરિષ્યંત | પ્રતીંધક | | ક્રથભીમ | કાશિક |
| ૪૨ | અસમંજા | દમ | | | કુંતિ | ચિદિ |
| ૪૩ | –અંશુમાન | | | –દુષ્યંત* | ધૃષ્ટ | |
| ૪૪ | દિલીપ–૧ | રાષ્ટ્રવર્ધન | કીર્તિરથ | ભરત* | નિર્વૃતિ | |
| ૪૫ | ભગીરથ* | સુધૃતિ | | | વિદૂરથ | |
| ૪૬ | શ્રુત | નર | | (ભરદ્વાજ) | દશાર્હ | |
| ૪૭ | નાભાગ | કેવલ | દેવમીઢ | વિતથ | વ્યોમા | |
| ૪૮ | અંબરીષ* | બંધુમાન | | ભુવમન્યુ | જીમૂત | |
| ૪૯ | સિંધુદ્વીપ | વેગવાન | | બૃહત્ક્ષત્ર | વિકૃત | |
| ૫૦ | અયુતાયુ | બુધ | વિબુધ | સુહોત્ર | –ભીમરથ | –વીરબાહુ |
| ૫૧ | ઋતુપર્ણ | | | હસ્તી | રથવર | –સુબાહુ |
| ૫૨ | સર્વકામ | –તૃણબિંદુ* | | | | |
| ૫૩ | સુદાસ | વિશ્રવા | મહાધૃતિ | અજમીઢ* | દશાર્હ | |
| ૫૪ | મિત્રસહ–કલ્માષપાદ* | વિશાલ* | | | એકાદશરથ | |
| ૫૫ | અશ્મક | હેમચંદ્ર | | ઋક્ષ-૧ | શકુનિ | |
| ૫૬ | મૂલક | સુચંદ્ર | કીર્તિરાત | | કરંભ | |
| ૫૭ | શતરથ | ધૂમ્રાશ્વ | | | | |
| ૫૮ | ઐડવિડ-વૃદ્ધશર્મા | સૃંજય | | | દેવરાત | |
| ૫૯ | વિશ્વસહ-૧ | સહદેવ | મહારોમા | | દેવક્ષત્ર | |
| ૬૦ | દિલીપ-૨–ખટ્વાંગ* | કૃશાશ્વ | | | દેવન | |
| ૬૧ | દીર્ઘબાહુ | | સ્વર્ણરોમા | | મધુ* | |
| ૬૨ | રઘુ* | સોમદત્ત | | | પુરુવશ | |
| ૬૩ | અજ | જનમેજય | હ્રસ્વરોમા | | પુરુદ્વાન | |
| ૬૪ | –દશરથ* | –પ્રમતિ(સુમતિ) | સીરધ્વજ | | જેતુ (અંશુ) | |



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

:૧:

## મહાભારત યુદ્ધ સુધીના રાજવંશ(ચાલુ)

| તુર્વસુ | કાન્યકુબ્જ | દ્રુહ્યુ | કાશી | આનવ્ય-વા. | આનવ્ય-ઈ. | |
|---|---|---|---|---|---|---|
| | | | | | | ૩૩ |
| ત્રિસાનુ | અષ્ટક | | | | હેમ | ૩૪ |
| | | પ્રચેતા | | | | ૩૫ |
| | લૌહિ | | | | | ૩૬ |
| | | | | | | ૩૭ |
| | | સુચેતા | –હર્યશ્વ | | સુતપા | ૩૮ |
| | | | –સુદેવ | | | ૩૯ |
| –કરંધમ | | | –દિવોદાસ-૨ | | | ૪૦ |
| –મરુત્ત | | | –પ્રતર્દન* | | –બલિ* | ૪૧ |
| | | | વત્સ | | | ૪૨ |
| –(દુષ્યંત) | | | –અલર્ક* | | –અંગ | ૪૩ |
| | | | | | | ૪૪ |
| | | | સન્નતિ | | | ૪૫ |
| | | | સુનીથ | | | ૪૬ |
| | | | | | દધિવાહન | ૪૭ |
| | | | ક્ષેમ | | | ૪૮ |
| | | | | | | ૪૯ |
| | | | કેતુમાન-૨ | | | ૫૦ |
| **ઉ. પાંચાલ** | **દ. પાંચાલ** | **દ્વિમીઢ** | | | દિવિરથ | ૫૧ |
| | | | સુકેતુ | | | ૫૨ |
| **અજમીઢ** | **અજમીઢ** | દ્વિમીઢ | | | | ૫૩ |
| | | | ધર્મકેતુ | | ધર્મરથ | ૫૪ |
| નીલ | બૃહદ્વસુ | યવીનર | | | | ૫૫ |
| સુશાંતિ | બૃહદિષુ | | સત્યકેતુ | | | ૫૬ |
| પુરુજાનુ | બૃહદ્ભાનુ | ધૃતિમાન | | | ચિત્રરથ | ૫૭ |
| રુક્ષ | બૃહત્કર્મા | | વિભુ | | | ૫૮ |
| ભ્રમ્યશ્વ | જયદ્રથ | સત્યધૃતિ | | | | ૫૯ |
| મુદ્ગલ | વિશ્વજિત | દૃઢનેમિ | સુવિભુ | | સત્યરથ | ૬૦ |
| (બ્રહ્મિષ્ઠ) | | | | | | ૬૧ |
| વધ્ર્યશ્વ | સેનજિત | સુવર્મા | સુકુમાર | | | ૬૨ |
| દિવોદાસ | રુચિરાશ્વ | સાર્વભૌમ | | | | ૬૩ |
| મિત્રયુ | પૃથુષેણ | | ધૃષ્ટકેતુ | | –લોમપાદ* | ૬૪ |



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

:૧:

## મહાભારતયુદ્ધ સુધીના રાજવંશ(ચાલુ)

| | ઇક્ષ્વાકુ | વૈશાલીનો | વિદેહનો | પૌરવો | યાદવો | હૈહયો |
|---|---|---|---|---|---|---|
| ૬૫ | -રામ૦ | | ભાનુમાન | | સત્વાન | |
| ૬૬ | | | પ્રદ્યુમ્ન-શતદ્યુમ્ન | | -ભીમ (સાત્વત) | સાત્વત |
| ૬૭ | -કુશ | | મુનિ | | -અંધક | વૃષ્ણિ |
| ૬૮ | અતિથિ | | ઊર્જવહ | | | |
| ૬૯ | નિષધ | | સનદ્વાજ | સંવરણ | કુકુર | |
| ૭૦ | નલ | | શકુનિ | | | |
| ૭૧ | નભા | | અંજન | -કુરુ* | | |
| ૭૨ | પુંડરીક | | ઋતુજિત | | | |
| ૭૩ | ક્ષેમધન્વા | | અરિષ્ટનેમિ | પરીક્ષિત-૧ | વૃષ્ણિ | |
| ૭૪ | દેવાનીક | | શ્રુતાયુ | જનમેજય-૨ | | |
| ૭૫ | અહીનગુ | | સુપાર્શ્વ | | | |
| ૭૬ | પારિપાત્ર | | સંજય | વિદૂરથ | | દેવમીઢુષ |
| ૭૭ | દલ, બલ | | ક્ષેમારિ | સાર્વભૌમ | કપોતરોમા | |
| ૭૮ | ઉક્થ | | અનેના | જયત્સેન | | |
| ૭૯ | વજ્રનાભ | | મીનરથ | અરાધી | | |
| ૮૦ | શંખન | | સત્યરથ | મહાભૌમ | વિલોમા | |
| ૮૧ | વ્યુષિતાશ્વ | | ઉપગુરુ | અયુતાયુ | | |
| ૮૨ | વિશ્વસહ-૨ | | ઉપગુપ્ત | અક્રોધન | | |
| ૮૩ | -હિરણ્યનાભ | | સ્વાગત | દેવાતિથિ | નલ | |
| ૮૪ | પુષ્પ | | સુવર્ચા | ઋક્ષ-૨ | | |
| ૮૫ | ધ્રુવસંધિ | | શ્રુત | ભીમસેન | | |
| ૮૬ | સુદર્શન | | સુશ્રુત | દિલીપ | અભિજિત | |
| ૮૭ | અગ્નિવર્ણ | | જય | -પ્રતીપ* | | |
| ૮૮ | શીઘ્ર | | વિજય | | | |
| ૮૯ | મરુ | | ઋતુ | (ઋષ્ટિષેણ) | પુનર્વસુ | શૂર |
| ૯૦ | પ્રસુશ્રુત | | સુનય | -શાંતનુ* | | |
| ૯૧ | સુસંધિ | | વીતહવ્ય | -(ભીષ્મ) | | |
| ૯૨ | અમર્ષ, સહસ્વાન | | ધૃતિ | વિચિત્રવીર્ય | -ઉગ્રસેન | -વસુદેવ* |
| ૯૩ | વિશ્રુતવાન | | બહુલાશ્વ | -ધૃતરાષ્ટ્ર*,-પાંડુ | -કંસ* | |
| ૯૪ | -બૃહદ્બલ | | -કૃતક્ષણ | -કૌરવો,*-પાંડવો* | | -કૃષ્ણ* |
| ૯૫ | -બૃહત્ક્ષય | | | -અભિમન્યુ | | -સાંબ |



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

: ૧ :

# મહાભારતયુદ્ધ સુધીના રાજવંશ(ચાલુ)

| તુર્વસુ | કાન્યકુબ્જ | દ્રુહ્યુ | કાશી | આનવ્ય-વા. | આનવ્ય-ઈ. | |
|---|---|---|---|---|---|---|
| મૈત્રેય-સોમ | પાર-૧ | મહાપૌરવ | | | | ૬૫ |
| સૃંજય | નીપ | | વેણુહોત્ર | | ચતુરંગ | ૬૬ |
| ચ્યવન | | | | | | ૬૭ |
| સુદાસ | | | ભર્ગ | | | ૬૮ |
| સહદેવ | | | ══════ | ══════ | પૃથુલાક્ષ | ૬૯ |
| સોમક | | | | | | ૭૦ |
| જંતુ | | | | | ચંપ | ૭૧ |
| | | | **પૌરવો** | **પૌરવો** | | ૭૨ |
| | | | જહ્નુ | સુધન્વા | હર્યંગ | ૭૩ |
| | | | | સુહોત્ર | | ૭૪ |
| | | | સુરથ | ચ્યવન | ભદ્રરથ | ૭૫ |
| | સમર | | રુક્મરથ | કૃત | | ૭૬ |
| | | | મગધ | ચૈદ્ય | | ૭૭ |
| | પર-૨ | સુપાર્શ્વ | વસુચૈદ્ય | વસુચૈદ્ય* | બૃહત્કર્મા | ૭૮ |
| | | સુમતિ | બૃહદ્રથ | પ્રત્યગ્રહ | | ૭૯ |
| | પૃથુ | | કુશાગ્ર | | | ૮૦ |
| | | સન્નતિમાન | | | બૃહદ્રથ | ૮૧ |
| | સુકૃતિ | સનતિ | ઋષભ | | | ૮૨ |
| | | | પુષ્પવાન | | બૃહદ્ભાનુ | ૮૩ |
| | વિભ્રાજ | કૃત | | | | ૮૪ |
| | | | સત્યહિત | | બૃહન્મના | ૮૫ |
| | અણુહ | • | સુધન્વા | | | ૮૬ |
| | -બ્રહ્મદત્ત* | | | | જયદ્રથ | ૮૭ |
| | વિષ્વક્સેન, ઉદક્સેન | | ઊર્જ | | | ૮૮ |
| | ભલ્લાટ | | | | દૃઢરથ | ૮૯ |
| | -જનમેજય | ઉગ્રાયુદ્ધ | સંભવ | | | ૯૦ |
| | પૃષત | ક્ષેમ્ય | | | | ૯૧ |
| | | સુવીર | -જરાસંધ | -દમઘોષ | વિશ્વજિત | ૯૨ |
| | દ્રોણ, -દ્રુપદ* | નૃપંજય | | | | ૯૩ |
| | અશ્વત્થામા | બહુરથ | -સહદેવ | -શિશુપાલ* | -કર્ણ* | ૯૪ |
| | ધૃષ્ટદ્યુમ્ન, ધૃષ્ટકેતુ | | સોમાધિ | -ધૃષ્ટકેતુ | -વૃષસેન | ૯૫ |

(અનુસંધાન પા-૨ ઉપર)



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઇતિહાસ એક અચ્છો શિક્ષક, માર્ગદર્શક છે.

અતીતની એક આખી પેઢી જીવનની પાયાની ત્રણ બાબતોને આધારે ભર્યું ભર્યું જીવી ગઈ :

૧. ભૂતકાળનું ગૌરવ

૨. વર્તમાનની પીડા

૩. ભવિષ્યનું સ્વપ્ન

સાંપ્રતમાં જીવતા આપણા સૌ ઉપર આવનારી પેઢીની અનાગત જવાબદારી છે.



આપણે ઇતિહાસ પાસેથી મન-બુદ્ધિ-ની આંખ ખુલ્લી રાખી કંઈ ભણી શકીએ ?



કાન ખુલ્લા રાખી ઇતિહાસ પાસેથી માર્ગદર્શન મેળવી શકીએ ?
જીવી શકીએ ?

આ દિશાના પ્રયત્નો કરીએ તો આવનારો સમય ઉજ્જવળ છે.

સૌજન્ય :

**એક્સેલ ઇન્ડસ્ટ્રીઝ, લિ.**
૬/૨ રૂવાપરી રોડ, ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : ૨૫૮૨૨-૨૩-૨૪



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કચ્છ : ઇતિહાસ અને સંસ્કૃતિ

લેખક

શ્રી. ઠાકરસી પુરુષોત્તમ કંસારા

નિવૃત્ત ન્યાયાધીશ-કચ્છ જિલ્લો

અને

નિવૃત્ત અધ્યાપક-લૉ કૉલેજ, ભૂજ

સ્વ. માનસંગજી બારડ સ્મારક ટ્રસ્ટ

મધુવન, અમદાવાદ-૩૮૦૦૦૬

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રકાશક :
સ્વ. માનસંગજી બારડ સ્મારક ટ્રસ્ટ વતી
પ્રો. કેશવરામ કા. શાસ્ત્રી (ટ્રસ્ટી),
મધુવન, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦૦૦૬

* સર્વ હક્ક લેખકને સ્વાધીન *

પુનર્મુદ્રણ
પ્રત ૧૦૦

વિ.સં.૨૦૪૬
ઈ.સ.૧૯૯૦

X X
X

કિંમત રૂા..૧૦/-

['પથિક', જાન્યુ., ૧૯૮૯ થી એપ્રિલ, ૧૯૯૦ ના અંકોમાંથી ઉદ્ધૃત]

મુદ્રક :
મહેન્દ્રપ્રસાદ ગિ. રાવળ,
પ્રેરણા મુદ્રણાલય,
રુસ્તમઅલીનો ઢાળ,
મિરજાપુર,
અમદાવાદ-૩૮૦૦૦૧

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રસ્તાવના

**: ૧ :**

કચ્છનો ઇતિહાસ જ્વલંત અને ચેતનામય છે. કચ્છની સંસ્કૃતિ ઉચ્ચ પ્રકારની અસ્મિતા દર્શાવતી (આગવી) અનેરી છે.

આ નિબંધરૂપનો અભ્યાસગ્રંથ નાની પુસ્તિકામાં સમાય તેવો છે. સામાન્ય જનસમાજને કચ્છના પ્રાચીન તેમજ મધ્યકાલીન ઇતિહાસ તથા સંસ્કૃતિનો આછો ખ્યાલ થોડા જ કલાકોના વાચનમાં આપી શકે એ ઉદ્દેશથી જેમ બને તેમ ટૂંકાણમાં બધી આવશ્યક હકીકતોનું આલેખન કરવામાં આવેલું છે. કચ્છમાં પ્રાચીન કાલથી વસેલ જાતો તથા એમના વંશજો તેમજ કચ્છમાં બહારના પ્રદેશોમાંથી આવેલ લોકો તથા એમના વંશજોએ મળીને કચ્છનો ઇતિહાસ સર્જ્યો છે અને કચ્છની આગવી સંસ્કૃતિનાં સર્જન તથા વિકાસમાં ફાળો આપેલો છે.

કચ્છમાં ચૌદમી સદી સુધીમાં આજે કચ્છમાં રહેતી ઘણી કોમોની પચરંગી પ્રજાના પૂર્વજોનો વસવાટ હતો અને કચ્છી તરીકે એઓ ગૌરવ લેતા. કચ્છી ભાષાનો પણ ચૌદમી સદી સુધીમાં સારો એવો વિકાસ થયો હતો અને વાગડ સિવાયના પ્રદેશમાં એ કચ્છી પ્રધાન બોલી તરીકે પ્રચલિત બની હતી. કચ્છ બહારથી અહીં વહેતા આવેલ લોકોએ કચ્છને નવા વિચારો તથા કેટલીક કલાઓનું પ્રદાન કર્યું છે, તો કચ્છી લોકોએ કચ્છ બહારના પ્રદેશોમાં પોતાનાં શૌર્ય દાનવીરતા તથા કલા–કારીગરીનું પ્રદાન કરીને પોતાનું નામ રોશન કરેલું છે તેમજ કચ્છનું ગૌરવ વધારેલું છે.

કોઈ પણ દેશની સંસ્કૃતિ એ દેશના વાસીઓનાં કાર્યોથી સર્જાય છે ને વિકાસ પામે છે. જે દેશના વાસીઓ ઉચ્ચ વિચાર ધરાવતા હોય છે અને એને આચારમાં મૂકતા હોય છે, સ્વાર્થ સાથે પરમાર્થભાવના, ઉદ્યમશીલતા, સાહસિકતા, કલા તરફ પ્રેમ, નીડરતા, સ્ત્રીઓ તથા સમાજના નીચલા વર્ગના લોકો તરફ સમાનભાવના અને આત્મીયતાની ભાવના ધરાવતા હોય તે દેશની સંસ્કૃતિ ઉચ્ચ પ્રકારની, ટકી રહે તેવી અને સર્વનું કલ્યાણ સાધનારી હોય છે. ભારતવર્ષની સંસ્કૃતિ આક્રમક (aggressive) નથી, પણ સહિષ્ણુ અને સમન્વયસાધક રહેલી છે. કચ્છમાં એનું દર્શન થાય છે. સર્વ તરફ સદ્ભાવ એ કચ્છના વતનીઓમાં દેખાતો ભારતીય સંસ્કૃતિનો ઉચ્ચ ગુણ છે. કચ્છમાં માતંગ તથા મારગી જેવા હરિજન સંતોનું બહુમાન થયેલ છે.

કચ્છના પ્રાચીન કાલના ઇતિહાસના આલેખન માટે સાધનો બહુ જ ઓછા પ્રમાણમાં છે. આજુબાજુના પ્રદેશોના ઇતિહાસની હકીકતો પરથી કેટલાંક અનુમાન તારવી શકાયાં છે. પહેલી સદીથી ચૌદમી સદી સુધીનો ઇતિહાસ મુખ્યત્વે કરીને દંતકથાઓ, જૂના સમયથી ગવાતા દુહાઓ તથા અન્ય કાવ્યરચનાઓ, શિલાલેખો, દાનપત્રો, જૂના સમયના શાસકોના સિક્કા (કચ્છમાંથી પ્રાપ્ત થયેલ તેમજ બીજા) તથા જૂના પ્રબંધો વગેરેના આધારે લખાયો છે. એ ઇતિહાસગ્રંથો તથા અન્ય વિષયોના ગ્રંથો તેમ લેખો બસો વર્ષોથી વધારે સમય પહેલાંના બહુ જ ઓછા હશે. જનશ્રુતિઓ (local legends) ઘણી વાર ચમત્કાર દર્શાવતી અને કલ્પિત વાતો જણાવતી હોય છે તે ઇતિહાસ માટે ઉપયોગી સત્ય હકીકતો સાથે સેળભેળ થઈ ગયેલ હોય છે, એટલે સારા અનાજમાં સાથે ભળી ગયેલ કચરો સાફ કરવો પડે તેમ, આવી દંતકથાઓની ચકાસણી જરૂરી બને છે. અહીં એમ કરવા તટસ્થ રીતે નમ્ર પ્રયાસ કરવામાં આવેલ છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કચ્છનો ઇતિહાસ, કચ્છનું સ્થાપત્ય તેમ પુરાતત્ત્વ, કચ્છના વેપાર-ઉદ્યોગ, કચ્છની કલા-કારીગરી વગેરે વિશે છેલ્લાં બસો વર્ષો દરમ્યાન અંગ્રેજ તથા દેશી ઇતિહાસલેખકો તથા અન્ય વિદ્વાનોએ પુસ્તકો લખેલ છે. પ્રાચીન સંસ્કૃત ગ્રંથો તથા અન્ય ભાષાના ગ્રંથોમાં, મધ્યકાલીન ફારસી ઇતિહાસ-ગ્રંથો તેમજ અન્ય ભાષાઓનાં પુસ્તકો તથા પ્રવાસલેખોમાં કચ્છની ભૂગોળ, કચ્છના લોકો તથા અન્ય બાબતો વિશે ક્યાંક ઉલ્લેખો થયા છે. ભાટ-ચારણો, મીરો, લોક-સાહિત્યના લેખકો તથા કવિઓએ કચ્છનાં ઇતિહાસ તથા સંસ્કૃતિ સાથે સંબંધ ધરાવતી કૃતિઓનું અથવા લોક-સાહિત્યનું સર્જન કરેલ છે. કચ્છ પર ઈ. સ. ૧૮૧૬ થી અંગ્રેજોનું વર્ચસ્વ સ્થપાયું ત્યારથી ઈ. સ. ૧૮૩૫ ની સાલ દરમ્યાન કેપ્ટન મેકમર્ડો તથા સર એલેક્ઝાન્ડર બર્નેસે કચ્છની રાજદ્વારી તથા આર્થિક સ્થિતિ અને કચ્છનાં ઇતિહાસ તથા લોક-કથાઓ વિશે જાત-અભ્યાસ કરીને પુસ્તકો અથવા લેખો લખ્યા હતા.

'કચ્છ દેશનો ઇતિહાસ' ગ્રંથ સ્વ. આત્મારામ કે. દવેએ લખીને ઈ. સ. ૧૮૭૬ માં પ્રગટ કરેલ હતો. એની પ્રસ્તાવનામાં બીજી વિગતો સાથે આ પ્રમાણે જણાવેલ છે:

"કચ્છ બાબત પ્રથમ અંગ્રેજી પુસ્તક સરકાર તરફથી મિસેલેનિઅસ ઇન્ફર્મેશન કનેક્ટેડ વિથ ધ પ્રોવિન્સ ઓફ કચ્છ" નામે બહાર પડ્યું છે તથા 'કચ્છ વૃત્તાંત' નામે એક ગુજરાતી પુસ્તક માસ્તર ચતુર્ભુજ શિવજીએ છપાવેલ છે; તથા ફારબસ સાહેબે 'રાસમાળા' રચતી વખતે કૈલાસવાસી મહારાવશ્રી દેસલજી પાસેથી કેટલુંક વૃત્તાંત માગેલ તે ઉપરથી મહારાવશ્રીએ જાતે કેટલાંએક જૂનાં ખંડેરા જોઈ તથા લખા મીર વગેરે પાસેથી કેટલુંક વૃત્તાંત એકઠું કરી રાસમાળાના બે ભાગ જેવડી એક બયાતની ચોપડી મેતા માધવજી શિવરામને હાથે લખાવેલ છે તે મેતા સોમજી વલ્લભજીની મહેરબાનીથી મારા વાંચવામાં આવી. તેમાં જોકે પરદેશી ઇતિહાસો સાથે મુકાબલો કરતાં કેટલીક તફાવત આવે છે તોપણ સદરહુ બે છાપેલ ચોપડીઓ ઉપરાંત કચ્છને લગતું ઘણું વૃત્તાંત મારા જોવામાં આવતાં એક પુસ્તક રચવા ચાર પાંચ વર્ષો થયાં છૂટછપટ બીજે ઠેકાણેથી પણ શોધમાં જારી હતો, દરમ્યાન કચ્છના એજ્યુકેશન ઇન્સ્પેક્ટર અને મહારાઓશ્રી ખેંગારજીના શિક્ષક માસ્તર દલપતરામે કચ્છની ભૂગોળ રચવા કેટલુંક વૃત્તાંત એકઠું કરેલ હતું તેમાંથી મારા એકઠા કરેલ કરતાં કેટલુંક વધારે માલમ પડ્યું માટે તે મળવા તે ગૃહસ્થને વિનંતી કરતાં તેમણે કંઈ પણ અંદેશો ન લાવી બધું મને સોંપી દીધું જેથી હું તેમનો આભારી છું."

શ્રી. આ. ક. દવેના ઇતિહાસગ્રંથ ઉપરાંત શ્રી જેમ્સ બર્જેસ તથા શ્રી દલપતરામ પ્રા. ખખ્ખરે ઈ. સ. ૧૮૭૬ ના અરસામાં કચ્છનાં ઇતિહાસ તથા સ્થાપત્ય અને પુરાતત્ત્વ સંબંધમાં પુસ્તકો લખેલ છે, ત્યારબાદ આજ સુધીમાં ઘણા વિદ્વાનોએ અંગ્રેજીમાં અથવા ગુજરાતી ભાષામાં કચ્છનાં ઇતિહાસ-સંસ્કૃતિ વેપાર-ઉદ્યોગ કલા-કારીગરી તથા અન્ય વિષયોને લગતાં પુસ્તક લખ્યાં છે તેમજ કેટલાકે જુદાં જુદાં સામયિકોમાં લેખો લખ્યા છે. આમાંથી કેટલાક મારા વાંચવામાં આવેલ છે અને કેટલાક મને ઉપલબ્ધ ન હોતાં વાંચી શકેલ નથી, પરંતુ મેં વાંચેલ કેટલાક ઇતિહાસગ્રંથો તથા લેખોમાં ક્યાંક ક્યાંક સમકાલીન ઇતિહાસથી વિરુદ્ધ જણાતી અથવા પરસ્પર વિરોધી કે કાલ્પનિક તથા દેખીતી રીતે ખોટી હોય તેવી વિગતોનો સમાવેશ થયેલ હોવાનું જણાયું છે. ઘણી વાર સમજફેરથી અથવા બીજા કારણોસર આવી વિગતો લખાણોમાં આવી જતી હોય છે તેથી સત્ય શોધવાના પ્રયાસ તરીકે આ ગ્રંથ મેં લખેલ છે, જેમાં પુરોગામી મહાનુભાવ લેખકોના ગ્રંથો અથવા લેખોમાંથી ઉપયોગી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જણાયું તે આમાં મેં દાખલ કરેલ છે અને વિરોધાભાસી કેટલીક બાબતો વિશે થોડું વિવેચન પણ કરેલ છે. વિદ્વાન ઇતિહાસલેખક પ્રો. રશબ્રુક વિલિયમ્સ-કૃત "કાળા ડુંગર કચ્છના" (ગુજરાતી ભાષાંતર), શ્રી રામસિંહજી રાઠોડ-કૃત "કચ્છનું સંસ્કૃતિ-દર્શન," શ્રી કે.કા. શાસ્ત્રી-કૃત-અસાંજો કચ્છ," શ્રી નરેંદ્ર જોશી-કૃત "ભાતીગળ ભોમકા કચ્છ" તથા સ્વ. ગૌરીશંકર વોરા-કૃત "કચ્છ દેશની જુની વાર્તાઓ" વગેરે પુસ્તકો તથા સ્વ. વ્રજલાલભાઈ છાયાના 'સ્વદેશ' પત્રમાં પ્રગટ થયેલ લેખો, શ્રી મહેશ ઠક્કરે લખેલ પુસ્તિકા 'કચ્છની વિકાસકેડી' તથા શ્રી એસ. એમ. ઠક્કર-સંપાદિત "A Treatise on Salinity Jungles in Kuteh" એ રિપોર્ટ, સ્વ. ડુંગરસી ધરમસી સંપટ-કૃત 'કચ્છનું વેપારતંત્ર' તથા સ્વ. જયરામદાસ નવગાંધી કૃત 'કચ્છનો બૃહદ્ ઇતિહાસ' વગેરેમાંથી મને ઘણી ઉપયોગી માહિતી પ્રાપ્ત થયેલ છે. વિશેષમાં શ્રી પ્રભુલાલભાઈ વોરા, શ્રી માધવ જોશી, શ્રી શંભુપ્રસાદ હ. દેસાઈ, શ્રી હેમરાજભાઈ શાહ, શ્રી નાગજીભાઈ ભટ્ટી વગેરે પાસેથી પત્રો દ્વારા પણ ઉપયોગી માહિતી મળેલ છે તે સર્વે વિદ્વાનોને આ સ્થળે આભાર માનું છું.

આ ગ્રંથ લખવા માટે પ્રેરણા તથા માર્ગદર્શન પરમ-પૂજ્ય મહામહિમોપાધ્યાય પદ્મશ્રી તથા વિદ્વાન ઇતિહાસલેખક અને સંશોધક પ્રો. કેશવરામ કે. શાસ્ત્રીજી તરફથી મળેલ છે, એટલું જ નહિ, જરૂર જણાઈ ત્યાં સુધારા-વધારા સૂચવીને આ ગ્રંથને ઘાટ તથા ઓપ આપવામાં એમનો અમૂલ્ય હિસ્સો છે તેમજ વિરામચિહ્નો તથા જોડણીની ભૂલો પણ એઓશ્રીએ ઉદાર ભાવે શ્રમ લઈને સુધારેલ છે, જે ઉપકાર બદલ એઓશ્રીનો જેટલો આભાર માનું તેટલો થોડો થશે. આ ગ્રંથ સ્વ. માનસંગજી બારડ સ્મારક ફંડ ટ્રસ્ટ તરફથી પ્રકાશિત થાય છે એ બદલ ટ્રસ્ટીઓનો આભાર માનું છું. અંતમાં ઈશ્વરકૃપાથી મારો આ પ્રયાસ અધૂરો રહેલ નથી અને પૂરો કરી શકેલ છું એ માટે પરમ-કૃપાળુ પરમેશ્વરનો આભાર માનું છું. વાચકોને આ ગ્રંથ આનંદ આપવા સાથે કંઈક પણ ઉપયોગી જણાશે તો કૃતકૃત્ય થઈશ.

ગંગાબજાર, અંજાર-૩૭૦૧૧૦
તા. ૧-૪-૧૯૯૦

ઠાકરસી પુ. કંસારા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અનુક્રમણિકા

### ખંડ ૧ લો


| પ્રકરણ | શીર્ષક | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | પુણ્ય પ્રદેશ કચ્છનો પરિચય<br>૧. ભૂમિકા ૧, ૨. ઈતિહાસ તથા સંસ્કૃતિ વિશે આધુનિક ખ્યાલ ૧, ૩. ભૌગોલિક વર્ણન ૨ | ૧ |
| ૨ | પ્રાચીન કાલના અવશેષ<br>૪. પૂર્વકાલ ૪, ૫. કચ્છના પ્રાચીન તથા મધ્યકાલીન ઈતિહાસના આધાર ૫, ૬. અશોકના સામ્રાજ્ય વખતે કચ્છની સામાજિક રાજકીય તથા સાંસ્કૃતિક સ્થિતિ ૫ | ૪ |
| ૩ | ક્ષત્રપોનું શાસન<br>૭. ક્ષત્રપકાલના શિલાલેખ ૮, ૮. ગિરનારના શૈલલેખ ૮, ૯. કાર્દમક ક્ષત્રપો ૧૦ | ૮ |
| ૪ | ગુપ્તો તથા મૈત્રકોનું શાસન<br>૧૦. ગુપ્ત સામ્રાજ્ય ૧૧, ૧૧. ગુપ્ત શાસન સુધીના કચ્છનાં બૌદ્ધ તથા અન્ય ધર્મસ્થાનો ૧૦, ૧૨. વલભીના મૈત્રકોનું સામ્રાજ્ય તથા કચ્છ ૧૪, ૧૩. કચ્છ પર સિંધનું શાસન હતું કે કેમ ? ૧૫, ૧૪. વલભીના ધ્વંસ તથા સમાકુળના શાસનની શરૂઆત વચ્ચેના સમય દરમ્યાન કચ્છની રાજકીય પરિસ્થિતિ ૧૬ | ૧૧ |
| ૫ | સિંધથી આવેલા સમા કુળનું શાસન<br>૧૫. કચ્છમાં સમાવંશના શાસનની શરૂઆત ૨૧, ૧૬. પ્રાચીન નગરો પાટગઢ ગૂંતરી તથા ગેડીની વિશિષ્ટતા ૨૫, ૧૭. લાખો ફુલાણી તથા પુઅરાજ ૨૫, ૧૮. ઈ. સ. ૯૫ થી ૧૧૪૭ સુધીની કચ્છની રાજકીય સ્થિતિ ૩૧ | ૨૧ |
| ૬ | કચ્છમાં જાડેજા કુળના શાસકોની સત્તાનો ઉદય<br>૧૯. કચ્છમાં ભયંકર ભૂકંપ અને એની અસર ૩૫, ૨૦. કચ્છના જાડેજા કુળની સત્તાનો ઉદય ૩૬, ૨૧. રા' કનોજ તથા સાંવલાપીર ૪૧ | ૩૫ |
| ૭ | કચ્છની સંસ્કૃતિનું રેખાચિત્ર<br>૨૨. કચ્છમાં વસતા વિવિધ જ્ઞાતિ તથા ધર્મના લોક ૪૧, ૨૩. કચ્છનું પુરાતન સ્થાપત્ય તેમ શિલ્પકામ ૪૧, ૨૪. દાનવીર જગડુશાહ ૪૮, ૨૫. અજયપાલ ચૌહાણ ૪૯, ૨૬. જેસલ-તોરલ ૫૦, ૨૭. ભીમસિંહ પ્રતિહાર ૫૨, ૨૮. વાઘુ પરમાર તથા હાજીપીર ૫૩, ૨૯. નારાયણસરોવર, રામવાડો તથા પિંગલેશ્વર ૫૫, ૩૦. ઉપસંહાર ૫૫ | ૪૧ |


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ખંડ ૨ જો


૮ ચૌદમી સદીથી સોળમી સદી ૫૭

૩૧. ચૌદમી સદી સુધીના મુખ્ય બનાવ ૫૭, ૩૨. પંદરમી સદીના અંત સુધીના બનાવ ૫૮

૯ સોળમી તથા સત્તરમી સદી ૬૦

૩૩. સંક્ષિપ્ત ખ્યાલ ૬૦, ૩૪. સોળમી સદીના મહત્ત્વના બનાવ ૬૧, ૩૫. સત્તરમી સદીના મહત્ત્વના બનાવ ૬૪

૧૦ અઢારમી સદીનું કચ્છ ૬૭

૩૬. શરૂઆતના મહત્ત્વના બનાવ ૬૭, ૩૭. અઢારમી સદીનો મધ્યાહ્નકાલ ૭૦, ૩૮. અઢારમી સદીનો અંતિમ કાલ ૭૫

૧૧ ઓગણીસમી સદીનું કચ્છ ૮૦

૩૯. પહેલા બે દાયકા ૮૦, ૪૦. ઓગણીસમી સદીના અંત સુધીના મહત્ત્વના બનાવ ૮૬

૧૨ વીસમી સદી ૯૩

૪૧. પહેલાં પંદર વર્ષોના મહત્ત્વના બનાવ ૯૩, ૪૨. વીસમી સદીની બીજી પચીસી દરમ્યાનના મહત્ત્વના બનાવ ૯૪

૧૩ નૂતન યુગ ૯૭

૪૩. મહત્ત્વના બનાવ ૯૭, ૪૪. વીસમી સદીમાં વિવિધ ક્ષેત્રે ખ્યાતિ પામેલ કેટલાક કચ્છીઓ

પરિશિષ્ટ ૧૦૦

૧ સાંવલાપીર ૧૦૦, ૨. રિયાણપટ્ટણમાંથી મળેલ સૂર્યમૂર્તિ ૧૦૦, ૩. કચ્છમાંથી મળેલ હડપ્પીય સીલો(મુદ્રાઓ)નો ઉકેલ ૧૦૦, ૪ સિંધુની શાખાઓ ૧૦૧, ૫. મધ્યકાલીન સમયમાં સ્ત્રીઓનો પહેરવેશ ૧૦૧, ૬. સાંપ્રતકાલના કચ્છના મહાન સપૂતો ૧૦૧

સંદર્ભગ્રંથો ૧૦૨

શુદ્ધિપત્ર ૧૦૩

થોડાં મહત્ત્વનાં ચિત્ર ૧૦૪


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પથિક—ખાસ અંક—કચ્છ અંક, વર્ષ—૪ અંક ૧૧—૧૨ના મુખપૃષ્ઠ પર છપાયેલા બ્લૉકનું પુનર્મુદ્રણ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir





જડેશ્વર મંદિર : અંજાર

મુદ્રક પ્રકાશક અને તંત્રી : 'પથિક કાર્યાલય' માટે પ્રો. કેશવરામ કા. શાસ્ત્રી, ઠે. મધુવન, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬ તા. ૧૫-૪-૧૯૯૦

મુદ્રણસ્થાન : પ્રેરણા મુદ્રણાલય, રુસ્તમઅલીનો ઢાળ, મિરજાપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧

પૂંઠું : ઈન્ટરનેશનલ પ્રિન્ટિંગ વર્ક્સ, શાહપુર, માળીવાડાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧

For Private and Personal Use Only